RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 78* Date: 6.01.2023, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## દિલ્લી અને ઉત્તર ભારત સહિત સમગ્ર દેશમા આગામી ૫ દિવસ હાડ ધ્રૂજાવતી ઠંડીની આગાહી



નવીદિલ્હી,તા.૫

દેશની રાજધાની દિલ્લી કોલ્ડ વેવ અને ગાઢ ધૂમ્મસથી પરેશાન છે. ભારતીય હવામાન વિભાગે શીત લહેરનુ ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. આગલા ત્રણ દિવસ સુધી હજુ ઠંડીથી કોઈ રાહત મળવાના અણસાર નથી. બુધવારે અહીં લઘુત્તમ તાપમાન ૪.૪ ડિગ્રી હતુ જે આજે ગગડીને ફજરગંજમાં ૨.૮ ડિગ્રીએ પહોંચી ગયુ છે. ભારતીય હવામાન વિભાગે અહીં શીતલહર માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે અને કહ્યુ છે કે લોકોને આગામી ત્રણ દિવસ સુધી ઠંડીથી રાહત નહીં મળે. દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને યુપીમાં આગામી ત્રણ દિવસ સુધી ભારે ઠંડીનો સામનો કરવો પડશે. અહીં દિવસ દરમિયાન સૂર્યપ્રકાશ નહીં હોય અને ઠંડી વધશે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આ ઠંડી વધી છે.હાલમાં પહાડો પર બર્ફીલા પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે મેદાની વિસ્તારોમાં ઠંડી વધી ગઈ છે. આગામી ૨૪ કલાકમાં જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદ અને હિમવર્ષા થશે, જેના કારણે મેદાની વિસ્તારોમાં ઠંડીમાં જબરદસ્ત વધારો થશે. હવામાન વિભાગનો અંદાજ છે કે દિલ્લીમાં ૫થી ૭ જાન્યુઆરીની વચ્ચે લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૧૮ ડિગ્રી સેલ્સિયસ અથવા તેનાથી ઓછુ રહી શકે છે.

વરસાદ હવામાન વિભાગે આગાહી કરી છે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, ઉત્તર મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડામાં હળવો વરસાદ થવાની સંભાવના છે, જેના કારણે તાપમાનમાં ઘટાડો થશે અને ઠંડીમાં વધારો થશે. ૭ જાન્યુઆરી પછી વરસાદ અને કોલ્ડવેવનો આ સમયગાળો ઘટશે. ધૂમ્મસના કારણે ટ્રેનો મોડી ધૂમ્મસના કારણે ટ્રેનો મોડી દિલ્લી એરપોર્ટે ફોગ એલર્ટ જાહેર કર્યુ છે અને મુસાફરોને એરપોર્ટ સાથે જોડાયેલા રહેવા માટે કહેવામાં આવ્યુ છે, જોકે દિલ્લી એરપોર્ટ પર ફ્લાઈટ્સ સામાન્ય છે. વળી, ધુમ્મસને કારણે ઘણી ટ્રેનો મોડી ચાલી રહી છે અને અમુક ટ્રેનોને ડાયવર્ટ કરવામાં આવી છે. હવામાન વિભાગે કહ્યુ કે આગામી ૭૨ કલાકમાં દિલ્લીમાં તીવ્ર ઠંડી પડશે અને આજે અહીં લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૧૭-૧૮ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહી શકે છે.

ભારતમાં છેલ્લા કેટલાક દિવસોથી કાતિલ ઠંડી પડી રહી છે. જેના કારણે ઠંડીમા લોકો ઠુંઠવાતા જોવા મળી રહ્યાં છે. ત્યારે હવામાન વિભાગે આગાહી કરી છે કે હજી આગામી દિવસોમાં દેશમા ઠંડીનું જોર વધશે. જેના કારણે લોકોને શીત લહેરનો અનુભવ થશે. ખાસ કરીનો મોડી સાંજથી ઠંડા પવનો ફૂંકાવાની શરૂઆત થતા કેટલાક શહેરોમાં રાત્રિના તાપમાનનો પારો અતિશય નીચો જતો રહે છે. જેમાં પહાડી વિસ્તારોમાં બરફ વર્ષાને કારણે ઠંડી વધવાની વકી છે. તારીખ ૪ જાન્યુઆરીની રાત્રે મોટા ભાગના શહેરોમાં તાપમાનનો પારો નીચો ઉતર્યો છે. જો કે હાલમાં ઉત્તર ભારતના રાજ્યોમાં પણ હાડ ધ્રૂજાવતી ઠંડી પડી રહી છે તો કાશ્મીરમાં પણ બરફ વર્ષા થઈ છે. તેની અસરરૂપે ગુજરાતની સાથે સમગ્ર દેશમાં પણ જાન્યુઆરી મહિનાની શરૂઆતથી જ ઠંડી અનુભવાઈ રહી છે. હવામાન વિભાગ દ્વારા સૌથી વધારે ઉત્તર ભારતમાં કોલ્ડવેવ રહેશે તેવી આગાહી કરવામાં આવી છે. જેમા અગામી ૫ દિવસમા દેશના પંજાબ, હરિયાણા, દિલ્લી, ઉત્તરાખંડ અને રાજસ્થાનમાં કાતિલ ઠંડી પડે તેવી શક્યતા છે. જ્યારે આગામી ૫ દિવસમા મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને મહારાષ્ટ્ર જેવા રાજયમાં કમોસમી વરસાદની પણ આગાહી કરવામાં આવી છે.

કાશ્મીર ખીણમાં ઠંડીનો પ્રકોપ ચાલુ છે. શ્રીનગરમાં અત્યાર સુધીની સૌથી ઠંડી રાત નોંધાઈ છે. કાશ્મીર ખીણમાં સતત ત્રીજી રાત્રે તાપમાનનો પારો માઈનસ નીચે નોંધાયો હતો. મંગળવારે રાત્રે શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન -૬.૪°C નોંધાયું હતું. કાશ્મીરના અન્ય શહેર પહેલગામમાં લઘુત્તમ -૯.૨ °C, કુપવાડા -૬.૨°C, ગુલમર્ગ -૭.૫ °C, લેહમાં -૧૫.૨°C નોંધાયું હતું

અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ અનંતનાગ જિલ્લાના પહેલગામમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૯.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ઠંડી અને હિમવર્ષાના કારણે કાશ્મીરના મેદાની વિસ્તારોમાંથી લોકો હિજરત કરી રહ્યા છે. ઠંડીના કારણે સોનમર્ગમાં તળાવ થીજી ગયું હતું.ગુજરાતમાં હાલમાં હાડ કંપાવતી ઠંડી પડી રહી છે. હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે ગુજરાતમાં આગામી એક અઠવાડિયામાં હજુ ૨થી ૩ ડિગ્રી પારો ગગડશે. રાજયમાં ઠંડા પવનોના કારણે લોકો ઠુઠવાઈ રહ્યા છે. સતત વધી રહેલી ઠંડીના કારણે રાજયમાં જનજીવન પર અસર પડી છે. ઠંડા પવનોથી લોકો ઠુઠવાયા ઠંડા પવનોથી લોકો ઠુઠવાયા તીવ્ર પવનોના કારણે રાજયમાં હાલમાં કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

## બિહારમાં સીતાનું વિશાળ મંદિરની સાથે જ સૌથી મોટું શિવલિંગ બનાવવામાં આવશે

### વિરાટ રામાયણ મંદિર માટે ચંપારણના એક મુસ્લિમ વ્યક્તિએ અઢી કરોડના ખર્ચવાળી ૨૩ એકર જમીન દાન આપી છે.

પટણા,તા.૫

અયોધ્યામાં રામ મંદિર નિર્માણ બાદ સીતાની જન્મભૂમિ સીતામઢીમાં પણ એક ભવ્ય મંદિર નિર્માણની તૈયારી કરવામાં આવી રહી છે.આ વર્ષ સીતાના મંદિરનો પાયો રાખવામાં આવશે જયારે પૂર્વી ચંપારણ જીલ્લાના કેસરિયા કૈથવલિયા(જાનકીનગર)માં દુનિયાનું સૌથી મોટું મંદિર અને સૌથી મોટું શિવલિંગ બનાવવામાં આવી રહ્યું છે.

સીતામઢીના પુનૌરા ધામમાં મકરાના પથ્થરોથી બનનારી દિવ્ય સીતા ઉદ્વવ મંદિરની આધારશિલા રાખવામાં આવશે આ સંબંધમાં પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.પુનૌરામાં બનનાર મંદિરના નિર્માણને લઈ ગુજરાતથી એન્જીનીયરોની ટીમે નીરીક્ષણનું કામ પુરૂ કર્યુ છે. તેમાં ઉત્કૃષ્ટ પથ્થરનો ઉપયોગ કરવામાં આવશે મંદિરનું નિર્માણ ૧૯૪-૧૯૪ ફીટના પરિસરમાં બનશે.મંદિરનું નિર્માણ કરી રહેલ મહાવીર મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ આચાર્ય કિશોર કુણાલ અનુસાર સીતા કુંડના મધ્યે એક દિવ્ય સીતા ઉદ્વવ મંદિરનું નિર્માણ કરાવવામાં આવશે જેનો ખર્ચ લગભગ ૧૦૦ કરોડ સુધી આવી શકે છે.

દરમિયાન મહાવીર મંદિર ન્યાય સમિતિ તરફથી બિહારના પૂર્વ ચંપારણ જીલ્લાના કેસરિયા કૈથવલિયા(જાનકીનગર)માં વિશ્વનું સૌથી મોટું મંદિર અને સૌથી મોટું શિવલિંગ બનાવવામાં આવી રહ્યું છે આ વિરાટ રામાયણ મંદિરમાં દુનિયાનું સૌથી મોટું શિવલિંગ સ્થાપિત કરવામાં આવશે શિવલિંગની ઉચાઈ ૩૩ ફીટ હશે લગભગ ૨૫૦ મીટ્રિક ટન વજનવાળા શિવલિંગને તમિલનાડુના તિરૂચિરાપલ્લીની પહાડી ગ્રેનાઈટ થી તૈયાર કરવામાં આવી રહ્યું છે તેમાં સૌથી ઉપર શિવના પાંચ મુખ હશે અને નીચે ૧૦૦૮ સહસ્ત્ર લિંગમની નકકાશી હશે.મંદિરનું ઉદ્ઘાટન ૨૦૨૪માં થશે ત્યારબાદ દર્શન પુજન શરૂ થઈ જશે.તમિલનાડુના તિરૂચિરાપલ્લીની પહાડી ગ્રેનાઈટને શિવલિંગ બનાવવા માટે ૧૫૬ ગાડીઓથી મહાબલીપુરમ લાવવામાં આવી છે ત્યાંથી નકશી કામ કર્યા બાદ તેને પુરી તૈયારીની સાથે કેથવલિયા લાવવામાં આવશે

વિરાટ રામાયણ મંદિર માટે ચંપારણના એક મુસ્લિમ વ્યક્તિએ અઢી કરોડના ખર્ચવાળી ૨૩ એકર જમીન દાન આપી છે. અયોધ્યાથી જનકપુર સુધી બની રહેલ જાનકી પથ પર જ ચંપારણનું જાનકીનગર છે જ્યાં વિરાટ રામાયણ મંદિર બનાવવામાં આવી રહ્યું છે. એવી માન્યતા છે કે શ્રી રામની જાન જનકપુરથી પાછી ફરતી વખતે મોતિહારીના આ સ્થાન પર રોકાઈ હતી જ્યાં દુનિયાનું સૌથી મોટુ મંદિર અને દુનિયાનું સૌથી મોટુ શિવલીંગ બનાવવામાં આવી રહ્યું છે.

## યોગી આદિત્યનાથ મુંબઈમાં, ઉતરપ્રદેશમાં મૂડીરોકાણ આકર્ષવા મહારાષ્ટ્રમાં રોડ શો યોજશે

લખનૌ,તા.૫

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ બે દિવસની મુલાકાત માટે મુંબઈ આવ્યાં છે. ફેબ્રુઆરીમાં યુપીની રાજધાની લખનૌમાં ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ યોજાવાની છે, જેના પહેલા તેઓ મહારાષ્ટ્રના ઉદ્યોગસાહસિકો અને ફિલ્મ જગતના લોકોને મળીને રોકાણની શક્યતા પર વિચાર કરી રહ્યાં છે. યોગી આદિત્યનાથ બુધવારે સાંજે રાજભવન ગયા હતા અને મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગત સિંહ કોશ્યરી, સીએમ એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત લીધી હતી. આ બેઠકમાં યોગી આદિત્યનાથ, મહારાષ્ટ્રના પૂર્વ રાજ્યપાલ રામ નાઈક, અને ગોરખપુરના સાંસદ રવિ કિશન પણ હાજર હતા. યોગી આદિત્યનાથે સુપર સ્ટાર અક્ષય કુમારની મુલાકાત તાજ હોટલમાં કરી હતી. ઉત્તર પ્રદેશમાં ફિલ્મ ઉદ્યોગના વિકાસ અંગેની ચર્ચા અક્ષય કુમાર સાથે કરી હતી.યોગી આદિત્યનાથ આ અગાઉના એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, પહેલા એક સમય હતો જ્યારે ઉત્તર પ્રદેશના લોકોએ પોતાની ઓળખ છુપાવતા હતા. લોકો તેમની હાંસી ઉડાવતા હતા. પરંતુ અત્યારે ઉત્તર પ્રદેશના લોકોએ તેની ઓળખ છુપાવવાની જરૂર પડતી નથી. હવે ઉત્તર પ્રદેશના લોકો ગર્વથી કહે છે કે તેઓ ઉત્તર પ્રદેશના રહેવાસી છે. યુપીમા કાયદો અને વ્યવસ્થા અને નીતિ સુધારણાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, એક સમય એવો હતો જ્યારે દર ત્રણ-ચાર દિવસે કોઈને કોઈ હુલ્લડો કે દંગા થતા હતા. પરંતુ , હવે છેલ્લા પાંચ વર્ષમાં યુપીમાં એક પણ રમખાણ નથી થયું.યોગી આદિત્યનાથ મુંબઈ ફિલ્મ સિટી જેવી જ ફિલ્મ ઈન્ડસ્ટ્રી નોઈડામાં સ્થાપવાનો પ્રયાસ કરી રહ્યાં છે. યોગી આદિત્યનાથ યુપીમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી બનાવવાની પહેલ પહેલાથી જ કરી ચુક્યા છે. તે વાત કોઈ પણ વ્યક્તિથી છુપી નથી. તાજમાં અક્ષય કુમાર સાથેની મુલાકાતમાં તેમને યુપીમાં ફિલ્મ સિટી અંગે પણ ચર્ચા કરી હતી. યોગી આદિત્યનાથે ઉદ્યોગપતિઓને મળીને આવતા મહિને લખનૌમાં યોજાનારી ઈન્વેસ્ટર્સ ગ્લોબલ સમિટના રોકાણ માટેની ચર્ચા કરી હતી. અને તેમને રોકાણ કરવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો સાથે યુપી રાજ્યની કાનૂન વ્યવસાથે અંગે પણ વાતચીત કરી હતી.

## જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચુંટણીઓ એપ્રિલ કે સપ્ટેમ્બરમાં યોજાય તેવી સંભાવના

### ૨૦૧૮માં ભાજપ દ્વારા મહેબુબા મુફતીના નેતૃત્વવાળી ગઠબંધન સરકારથી સમર્થન પાછું લીધા બાદ જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ચુંટણી થઈ નથી

નવીદિલ્હી,તા.૫

૨૦૧૯માં જમ્મુ કાશ્મીરને વિશેષ દરજજો આપનાર કલમ ૩૭૦ને રદ કર્યા બાદ અને કેન્દ્ર શાસિત પ્રદેશ જાહેર કર્યા બાદ જમ્મુ કાશ્મીરમાં પહેલી વિધાનસભા ચુંટણીની તૈયારી થઈ રહી છે.ગૃહમંત્રી અમિત શાહે સુરક્ષિત અને યોગ્ય ચુંટણી સુનિશ્ચિત કરવા માટે જમ્મુ કાશ્મીરમાં જમીની સ્થિતિ જાણવા માટે અનેક સ્થાનિક નેતાઓ અને પ્રશાસનિક અધિકારીઓની સાથે અનેક બેઠકોની અધ્યક્ષતા કરી છે.એ યાદ રહે કે શાહે પ્રશાસનિક વિંગની સાથે અનેક તબક્કાની બેઠકો કરી છે અને તેની બાબતમાં ફીડબેંક માંગ્યું છે કે ચુંટણી કેટલી તાકિદે થઈ શકે છે સુત્રોના જણાવ્યા અનુસાર ગૃહમંત્રીએ જમીની રિપોર્ટની પણ સમીક્ષા કરી છે.ચુંટણી વર્ષના પહેલા છ મહીનામાં એપ્રિલની આસપાસ અથવા તો બીજા છ મહીના સપ્ટેમ્બરની આસપાસ થઈ શકે છે શાહે ગત વર્ષ ૨૮ ડિસેમ્બરે જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા સ્થિતિ અને વિકાસના મુદ્દાની પણ સમીક્ષા કરી હતી.

ભાજપના એક વરિષ્ઠ વરિષ્ઠ નેતાએ કહ્યું કે જમ્મુ કાશ્મીરમાં ચુંટણી સપ્ટેમ્બર અને ઓકટોબરની વચ્ચે થઈ શકે છે કારણ કે આ દરમિયાન હવામાન મતદારોને મતદાન કેન્દ્રો સુધી પહોંચતા રોકી શકશે નહીં એક અન્ય નેતાએ કહ્યું કે એપ્રિલના મહીનામા 'પણ ચુંટણા કરાવવા પર વિચાર કરવામાં આવી રહ્યો છે સુત્રોના જણાવ્યા અનુસાર ગૃહ મંત્રાલયે તેના પર રિપોર્ટ માંગ્યો છે કે શું જમીની સ્થિતિ ચુંટણી અનુકૂળ છે.પૂર્વ નિર્ધારિત બેઠકમાં ગૃહમંત્રીએ કેન્દ્ર શાસિત પ્રદેશમાં વર્તમાન સુરક્ષા સ્થિતિ અને ક્ષેત્રમાં શાંતિ બનાવી રાખવા માટે પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓનો સામનો કરવા માટે ઉઠાવવામાં આવેલા પગલાની સમીક્ષા કરી.બેઠકમાં જમ્મુ કાશ્મીરના ઉપરાજયપાલ મનોજ સિન્હા,પ્રશાસન અર્ધસૈનિક દળો અને પોલીસના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો. ૨૦૧૮માં ભાજપ દ્વારા મહેબુબા મુફતીના નેતૃત્વવાળી ગઠબંધન સરકારથી સમર્થન પાછું લીધા બાદ જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ચુંટણી થઈ નથી

## જે ગરીબ બાળકો ફાટેલા કપડા પહેરીને યાત્રામાં ચાલે છે, તેને મીડિયા નથી પૂછતી : રાહુલ

શામલી,તા,૫

કોંગ્રેસની રાહુલ ગાંધીના નેતૃત્વવાળી ભારત જોડો યાત્રા આજે ઉત્તર પ્રદેશના શામલીથી શરુ થઈ. આ પહેલા ઉત્તર પ્રદેશના બાગપતમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પોતાની કડાકાની ઠંડીમાં ટી-શર્ટ પહેરવા પર પ્રતિક્રિયા આપી છે. રાહુલ ગાંધીએ કહ્યુ કે, 'મીડિયા તેમના પહેરવેશને હાઈલાઈટ કરી રહ્યુ છે પરંતુ ફાટેલા કપડામાં તેમની સાથે ચાલતા ગરીબ ખેડૂત અને મજૂરો અને તેમના બાળકો પર કોઈ ધ્યાન નથી આપતુ.' રાહુલ ગાંધીએ કહ્યુ, 'હું ભારત જોડો યાત્રામાં ટી-શર્ટ પહેરીને ફરુ છુ. આ યાત્રામાં ગરીબ ખેડૂત મજૂરોના ઘણા બાળકો ફાટેલા કપડા પહેરીને ચાલે છે. પરંતુ મીડિયા પૂછતુ નથી કે ગરીબ ખેડૂતો અને મજૂરોના બાળકો શિયાળાની ઠંડીમાં સ્વેટર/જેકેટ વગર કેમ ચાલે છતમને જણાવી દઈએ કે ભારત જોડો યાત્રાની શરૂઆતથી જ રાહુલ ગાંધી સફેદ રંગની હાફ વ્હાઈટ ટી-શર્ટમાં જોવા મળે છે. ભારત જોડો યાત્રા દિલ્લીમાં પ્રવેશી ત્યારે ઠંડીમાં રાહુલ ગાંધીએ ટી-શર્ટ પહેર્યા હોવાનો મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. દિલ્લીની આ ઠંડીમાં પણ રાહુલ ગાંધી અડધા સફેદ ટી-શર્ટમાં જોવા મળ્યા હતા. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે, 'પહેલા યુવાનો ૧૫ વર્ષ સેનામાં ફરજ બજાવતા હતા અને પેન્શન મેળવતા હતા પરંતુ નરેન્દ્ર મોદીએ વિચાર્યુ કે પેન્શન અલગ રાખવામાં આવે. જોઈએ, ૬ મહિના ટ્રેન કરો, બંદૂક પકડાવો, ૪ વર્ષ સુધી રહો, પછી તમને બહાર ફેંકી દેવામાં આવશે અને તમે બેરોજગાર થઈ જશો. આ નવુ ભારત છે.' રાહુલ ગાંધીએ કહ્યુ, ×આ પછી, જ્યારે યુવાનો રસ્તા પર ઉતર્યા ત્યારે મોદીજીએ કહ્યુ કે જો(વિરોધ દરમિયાન) તમારા ફોટા પાડવામાં આવી, તો તમને સરકારી નોકરી નહીં મળે.

## કાતિલ ઠંડીમાં શ્રીનગર થીજી ગયુ, કાશ્મીરના અનેક શહેરોમાં તાપમાન માઈનસમાં પહોચ્યું

શ્રીનગર,તા.૫

કાશ્મીર ખીણમાં ઠંડીનો પ્રકોપ ચાલુ છે. શ્રીનગરમાં અત્યાર સુધીની સૌથી ઠંડી રાત નોંધાઈ છે. કાશ્મીર ખીણમાં સતત ત્રીજી રાત્રે તાપમાનનો પારો માઈનસ નીચે નોંધાયો હતો. મંગળવારે રાત્રે શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન -૬.૪°C નોંધાયું હતું. કાશ્મીરના અન્ય શહેર પહેલગામમાં લઘુત્તમ -૯.૨ °C, કુપવાડા -૬.૨°C, ગુલમર્ગ -૭.૫ °C, લેહમાં -૧૫.૨°C નોંધાયું હતુંઅમરનાથ યાત્રાના બેઝ કેમ્પ અનંતનાગ જિલ્લાના પહેલગામમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૯.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ઠંડી અને હિમવર્ષાના કારણે કાશ્મીરના મેદાની વિસ્તારોમાંથી લોકો હિજરત કરી રહ્યા છે. ઠંડીના કારણે સોનમર્ગમાં તળાવ થીજી ગયું હતું.

## પશ્ચિમ બંગાલમાં કોવિડનો સબ વેરિયન્ટ બીએફ.૭ ના ૪ મામલા સામે આવ્યા

કોલકતા,તા.૫

કોરોનાનો ખતરો ફરી એક વાર દેશમાં આવી શકે છે. પશ્ચિમ બંગાળમાં કોરોનાનો સબ વરિયન્ટ બીએફ.૭ ના ચાર નવા કેસ સામે આવ્યા છે. પ્રદેશના આરોગ્ય મંત્રી તરફથી આ વાતની જાણકારી આપવામાં આવી છે. જે ચાર સંક્રમણના મામલા સામે આવ્યા છે. તેમાથી ત્રણ ફક્ત એક જ પરિવારા છે. આ લોકો હાલમાં જ અમેરિકાથી પરત ફર્યા છે. આ લોકોના સેમ્પલને જીનોમ સિકક્વેન્સિંગ માટે ૨૯ ડિસેમ્બરના રોજ મોકલવામાં આવ્યા હતા. ધ્યાન આપવા જેવી વાત એ છે કે, પર્શિમ બંગાળના નેતાજી સુભાષ ચંદ્ર બોસ ઈંટરનેશનલ એરપોર્ટ પર બે આંતરરાષ્ટ્રીય યાત્રી બે દિવસ પહેલા કોરોના સંક્રમિત મળી આવ્યા હતા. તેમાથી એક વિદેશી નાગરીક હતો. આરોગ્ય વિભાગ તરફથી કહેવામાં આવ્યુ છે. તેમાથી એક બ્રિટિશ નાગરી છે. તે કુઆલાલંપુરથી ઓસ્ટ્રેલિયાથી ભારત આવી પહોચ્યા છે. ત્યાંથી તે બીહારના બોધ ગયા જવાના હતા. મહિલાને ડિસીજ એન્ડ બીજી હોસ્પિટલ કોલકાતામાં ભર્તી કરવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળ સરકારે કોરોનાના વધતા જતા કેસોને નિયંત્રણ કરવા માટે છ સૂત્રીય યોજના બનાવી છે. દર્દીના ઈલાજ માટે હોસ્પિટલની નક્કી કરવામાં આવી છે. ટેસ્ટીંગ, કિટની ખરીદી કરવામાં આવી છે. કોલકાતામાં ઈંફેક્શિયસ ડિજીસ એન્ડ બીજી હોસ્પિટલ, શંભૂ નાથ પંડિત હોસ્પિટલ, એમઆર બાંગલ હોસ્પિટલને નક્કી કરવામાં આવી છે. જ્યાંપર જો તમે કોરોગ્રસ્ત છો તો મરીજોને ભરતી કરવામાં આવશે. આ તમામ પ્રદેશ સરકાર અંતર્ગત આવે છે. મહત્વની વાત એ છે કે, કોલકાતામાં કોરોનાનો જે વેરિયન્ટના જે ચાર દર્દી સામે આવ્યા છે તેણે ચીનમાં સૌથી વધારે સંક્રમણ ફેલાવ્યુ છે.

## માઉન્ટ આબુમાં -૬ ડિગ્રી તાપમાન, ઠંડીએ છેલ્લા ૧૨ વર્ષનો રેકોર્ડ તોડ્યો

માઉન્ટ આબુ,તા.૫

માઉન્ટ આબુનું લઘુત્તમ તાપમાન આજે શિમલા નૈનીતાલ કરતા વધુ ઠંડુ નોંધાયુંછે. માઉન્ટ આબુમાં આજે લઘુત્તમ તાપમાન -૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હિલ સ્ટેશન માઉન્ટ આબુ માઈનસ સિક્સ ડીગ્રી ઠંડીના ત્રાસથી જાગી ગયું છે. વિતેલા દિવસોના તમામ ઠંડીના રેકોર્ડ ગુરુવારે તૂટતા જોવા મળ્યા હતા. એમ કહી શકાય કે, તમામ રેકોર્ડ એક સાથે તૂટતા જોવા મળ્યા હતા. માઉન્ટ આબુમાં ગુરુવારે લઘુત્તમ તાપમાન માઈનસ ૬ ડિગ્રી નોંધાયું હતું, જે છેલ્લા ૧૨ વર્ષનો રેકોર્ડ તોડતું જોવા મળ્યું છે.હાથ પગ સુના થઈ જાય તેવી ઠંડી ગુરુવારે જોવા મળી હતી. અહીં ગુરુવારે તમામ ઘાસના ખેતરો બરફના મેદાનો તરીકે જોવા મળ્યા હતા. આ સાથે જ પક્ષીઓ માટે પીવાના પાણી માટે રાખવામાં આવેલા કન્ટેનરમાં બરફના જાડા થર જામ્યા હતા તો બીજી તરફ વાહનોના વિન્ડશિલ્ડ પર પણ બરફની ચાદર જોવા મળી હતી.

ગુરુવારે માઉન્ટ આબુમાં ઠંડીએ અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા અને ૧૨ વર્ષ જૂની યાદો તાજી કરી દીધી હતી, જ્યાં સવારે ૧૦:૦૦ વાગ્યે પણ બરફના જામી ગયેલા થર જોવા મળ્યા હતા.ગુરૂવારનો દિવસ માઉન્ટ આબુ માટે તમામ જૂની યાદો તાજી કરી લાવ્યો, પછી તે પક્ષીઓ માટે રાખવામાં આવેલું થીજી ગયેલું પાણી હોય કે પછી સફેદ ઘાસના મેદાનો હોય.

## તંત્રી સ્થાનેથી...

# સમેત શિખરનો સવાલ

જયપુરના સાંગાનેરમાં છેલ્લા નવ દિવસથી અનશન પર બેઠેલા જૈન મુનિ સુયજ્ઞસાગરના નિધન સાથે જ સમેત શિખરને પર્યટન સ્થળ બનાવવાની હઠમાં એક અપ્રિય વળાંક આવી ગયો છે. ઝારખંડ સરકાર હાલમાં પારસનાથ, દેવઘર, રજરપ્પા, ઈટખોરી સહિત તમામ ધર્મસ્થળોને પર્યટન ક્ષેત્ર રૂપે વિકસિત કરવાની યોજના પર કામ કરી રહી છે અને તેની આ કવાયતનો દેશભરમાં જૈન સમાજ દ્વારા ભારે વિરોધ થઈ રહ્યો છે. જૈનોનો આરોપ છે કે પર્યટન સ્થળ બનાવવાને કારણે સમેત શિખર પહાડીની શુચિતા પ્રભાવિત થશે. તેઓ તેને વૈષ્ણોદેવી અને હરિદ્વાર-વારાણસીની જેમ તીર્થસ્થળ જાહેર કરવાની માંગ કરી રહ્યા છે, નહિ કે પર્યટન સ્થળ. ઝારખંડના ગિરિડીહ સ્થિત પારસનાથ પહાડીનું જૈનો માટે વિશેષ મહત્ત્વ છે. આ ધર્મના ૨૪માંથી ૨૦ તીર્થંકરો આ જ પહાડી પર નિર્વાણ પામ્યા છે. એટલે તે જૈનોની આસ્થાના શીર્ષ કેન્દ્રોમાં એક છે. દેશના દરેક પ્રાંતનું કોઈને કોઈ ધાર્મિક સ્થળ દુનિયાભરના હજારો લાખો લોકો માટે આકર્ષણનું કેન્દ્ર હોય છે અને શ્રદ્ધાળુઓ સિવાયના લોકો પણ આવા સ્થળો પર આવવા માંગતા હોય છે. એવામાં જો સમેત શિખરને પણ પર્યટન સ્થળ તરીકે જાહેર કરી દેવામાં આવે તો પછી અહીંની શુચિતા પ્રભાવિત થયા વિના રહે નહીં. ધર્મસ્થળોનો વિકાસ થાય તે જરૂરી છે, જેમ કે દુનિયાની પ્રાચીનતમ નગરીમાં સામેલ વારાણસીના આધ્યાત્મિક વૈભવનું દર્શન કરવા કેટલાય શ્રદ્ધાળુઓ આવે છે અને નરેન્દ્ર મોદીએ ત્યાં વિકાસનાં જેટલાં કામ કર્યાં છે, તેનાથી શ્રદ્ધાળુઓની સુવિધા વધી છે, પરંતુ તીર્થસ્થળ તરીકે વિકાસ જુદી વાત છે અને તેને પર્યટન સ્થળ બનાવી દેવાય એ વાત જુદી છે. ભારે વિરોધ બાદ ભાનમાં આવેલા ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને જૈનોને આશ્વાસન આપ્યું છે કે તેમની ભાવનાઓનો પૂરતો ખ્યાલ રાખવામાં આવશે. તેમ છતાં હજુ તેમણે સમેત શિખરને પર્યટન સ્થળ તરીકે વિકસિત કરવા મુદ્દે તો મભમ જ કર્યે રાખ્યું છે. ઝારખંડ સરકાર સમેત શિખર પર વન્ય જીવ અભયારણ્ય સ્થાપિત કરવા માંગે છે, સાથે જ તેનાં પ્રાકૃતિક સંસાધનોનું દોહન પણ તેના એજન્ડામાં છે. આ એજન્ડા જોતાં ઝારખંડ સરકારને સમેત શિખરની પવિત્રતા અને તેના મહત્ત્વ વિશે કંઈ પડી હોય તેવું લાગતું નથી. વિકાસના બહાને તેને પર્યટન સ્થળ બનાવી દેવાનો કારસો રચાઈ રહ્યો છે, જેથી તેના પર ભારે સંખ્યામાં લોકો ઉમટી પડે અને કલદાર કમાઈ શકાય. પર્યટન સ્થળો પર શું-શું થાય છે અને તેની હાલત કેવી થાય છે તે આપણા દેશમાં કોઈથી અજાણ્યું નહીં હોય. વિકાસના નામે જૈનોના આ પવિત્ર તીર્થની પવિત્રતા ખંડિત કરતી યોજના સામે દેશભરના જૈનોએ આકરો વિરોધ નોંધાવ્યો છે, તે યોગ્ય જ છે. વિચિત્રતા એ છે કે લઘુમતીના હિતો માટે ઝંડો લઈને ફરતા તમામ બુદ્ધિજીવીઓ આ મુદ્દે મોંમાં મગ ભરીને બેઠા છે. દેશનું દુર્ભાગ્ય એ છે કે તેમના માટે લઘુમતી કોમ એક જ છે અને જૈનો તેમાં નથી આવતા!

## મુંઓ વાયરો

મારી હાહુનો ધણી,
વાયરો હાવ,
ગોંડો થઈ જયો હ..,
નવરા નખ્ખોદિયાની જયમ,
ઓંમ તેમ હડિયો કાઢ હ...
ઈની બુનનો દિયોર,
હાટકોં ટાઢોં બોળ કર્યો હ.
ઈ તાપણે તાપીએ તોય
ગરમ થતોં નહિ!
ગોદ્દુ ઓઢ્યુ સ,
તોય ગરમાટો આબ્બાનો નય!!
મુઓ પીટયો,
મારો લૂગડાં ખેંચ શ,
મોંનો દુ:સાશન હોય!!
ઓલ્યો હૂરજ ડાડો,
હેમ થઈ જયો કે હું?
મુંઓ ઉનારામાં,
ઈની માનો ધણી..,
બૈરાની સોડમોં ભરાઈ જયો હ!!
હવે બોવ ફૂંગર્યો હ!!
મુંઆ પીટ્યા,
વાયરાને કોગરિયું થાય. ,
ઈની ડીકરીએ દીવો ના રે!!
ભૂંડો
લાકડી મારીએ તોય ઝપ્વાનો નથી.

ભરત વૈષ્ણવ
૫.૧.૨૦૨૩

# ડોશી મરી ગઈ અને જમ ઘર ભાળી ગયો!!!

" ગિરધરભાઈ. પિતળના ભાવે સોનુ ખરીદ કરવા મળેલો તમને કેવું લાગે?? રાજુ રદીએ આકર્ષક અપ્સરા જેવી ઓફર કરી.

" રાજુ. કયા જવેલર્સે ઓફર મુકી છે? કલ્યાણ જવેલર્સ કે તનિસ્કે ઓફર મુકી છે??" મેં રાજુને પૂછયું

" ગિરધરભાઈ . મોલવાળા તો સેલમાં એક ખરીદી પર એક ફ્રી કપડાં કે વસ્તુ ઓફર કરે છે. પરંતુ, જવેલર્સવાળા એક વીટીની ખરીદી પર વીંટી ફ્રી આપવાની ઓફર કરતા નથી. જવેલર્સ લોકોની સેલ્સમેનશીપ કાચી ગણાય!!" રાજુ રદીએ ઊંબાડિયું ચાંપ્યું

" રાજુ સોની આવી ઓફર કરે તો ઉંધી ટોપી પહેરી દુકાન બંધ કરવાની નોબત આવે!!" મેં રાજુને કહ્યું.

"ગિરધરભાઈ . તમે છેલ્લે ક્યારે મુવી જોયેલું?? સિંગલ થિયેટરમાં જોડેલું કે મલિટિપ્લેક્સમાં જોયેલું??" રાજુના સવાલે મને માથું ખંજવાળતો કરી દીધો!!

" રાજુ. છેલ્લે મે બોર્ડર ફિલ્મ સિંગલ થિયેટરમાં જોયેલું.. મલ્ટિપ્લેક્સ થિયેટર વાળા તો તમને ચિરવા બેઠા હોય છે.એમાં પણ ખાન બંધુઓની ફિલ્મ હોય, દિવાળી,નાતાલ, ઈદ, વેકેશનમાં પિકચર રિલીઝ થાય તો રૂપિયા દોઢસોની ટિકિટ ડબલ થઈ ત્રણસોની થઈ જાય. હિન્દી ફિલ્મો હોલિવુડ કે સાઉથની કંડમ ઝેરોક્સ હોય. ફિલ્મ ચલાવવા સામેથી વિવાદ ઉભો કરે. ફિલ્મમાં ભઠિયો ન હોય એટલે બોક્સ ઓફિસ પર પિટાઈ જાય. પ્રોડયુસર,,ફાઈનાન્સિયર, ડિસ્ટ્રિબ્યુટર, થિયેટરની વાટ લાગી જાય!! મલ્ટિપ્લેક્સ થિયેટર માલિકો પ્રેક્ષકોને પીવાના પાણીની બોટલ થિયેટરમાં લઈ જવા ન દે.થિયેટરની હાટડી પરથી બમણી ત્રમણી કિંમતે વોટર બોટલ ખરીદ કરવાની ફરજ પાડે!! એક ટમલર જેવા કન્ટેઈનર પોરકોર્ન ભરેલ હોય તેની કિંમત અઢીસો રૂપિયા હોય. દસ રૂપિયાના સમોસાના સો રૂપિયા વસૂલે. સરવાળે મલ્ટિપ્લેક્સ સિનેમાગૃહમાં ચાર માણસોના કુટુંબને મુવી જોવાનો ખર્ચ ચાર-પાંચ હજાર થઈ જાય. આટલા રૂપિયામાં એક મહિનો દૂધ લાવી શકાય. !!મેં રાજુને કહ્યું

" જુના જમાનામાં સિંગલ સિનેમામાં પાંચસે રૂપિયામાં મુવી જોઈ શકાતું હતું. અમારે ત્યાંની કેન્ટિનમાં પંચોલી કરીને વેઈટર હતો. તેની મા ભરૂચના વતનના ગામ હતી. પંચોલીને લગ્નનો વેત થયેલો નહીં. રાતે કેન્ટિનમાં સૂઈ રહે. એ દરરોજ શાલીમાર ટોકિઝના છેલ્લા થોમાં લોઅરની પાંચ રૂપિયાની બાકાયદા ટિકિટ લઈ થિયેટરમાં ઉંધી જાય. અમારે પિકચર જોવું હોય તો બિકાઉ વિવેચકના રિમાર્કસ પર ભરોસો ન કરીએ પણ પંચોલીને પૂછીએ. પંચોલી પિકચર કેવું છે? પંચોલી તેની ઈસ્ટાઈલમાં કહે હાઈ કલાસ છે, અથવા ભંગાગાર છેઅ એમ કહી દે!! સિંગલ થિયેટરને લીધે કેટલાય લોકો બ્રેડબટર રળી લેતા હતા." રાજુએ મને કહ્યું!!

"રાજુ. દર ત્રેવીસમી સપ્ટેમ્બર નેશનલ સિનેમા ડે તરીકે ઉજવાય છે!એ દિવસે થિયેટરમાં આગ લાગી ગઈ સમજો. આડે દિવસે મલ્ટિપ્લેક્સમાં કાગડા -કબુતર ઉડતા હોય ત્યાં ભારે ભીડ ઉમડી. ચમત્કાર કંઈ રીતે થયો? રાતોરાત લોકો મુવી પ્રેમી થઈ ગયા. ના, અરે, ના બાબા.એવું કાંઈ થયું ન હતું. નેશનલ સિનેમા દિવસે દેશના મોટા-મોટા મલ્ટિપ્લેક્સમાં માત્ર ૭૫ રૂપિયામાં જ ટિકિટ મૂવીની ટિકિટ મળશે. તેમાં ફ઼ઈ-ર્હટ સહિત ૪૦૦૦ જેટલી સ્ક્રિનોએ ભાગ લીધો છે. આમ, અનોખી રીતે ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલું. કોરોનાકાળ બાદ સફળ રીતે થિયેટર્સના રિઓપનિંગ માટે દર્શકોને 'થેક્યૂ' કહેવા માટે નેશનલ સિનેમા દિવસની આ રીતે ઉજવણી કરવામાં આવી રહી છે. અમેરિકાએ સૌથી પહેલાં આવો નુસખો અજમાવ્યો હતો

સિનેમા દિવસ પર સૌથી સસ્તા ભાવે ટિકિટ વેચવાની શરૂઆત અમેરિકાએ કરી હતી. ૩ સપ્ટેમ્બરના દિવસે અમેરિકામાં રાષ્ટ્રીય સિનેમા દિવસ ઉજવવામાં આવે છે. ત્યારે આ વર્ષે અમેરિકાએ કોઈપણ ફિલ્મની ટિકિટ ૩ ડોલર જ ભાવ રાખી દર્શકોને આકર્ષવાનો તક્ષો તૈયાર કર્યો હતો. હવે અમેરિકા બાદ ભારતમાં પણ આ નુસખો વાપરવામાં આવશે. જેમાં માત્ર ૭૫ રૂપિયામાં જ મૂવી ટિકિટ મળશે.નેશનલ સિનેમા ડેની ઉજવણીના ભાગરૂપે મલ્ટિપ્લેક્સમાં પંચોતેર રૂપિયામાં સિનેમા જોઈ શકાશે તેની જાહેરાતને પ્રચંડ પ્રતિસાદ આપીને ૬૫ લાખ લોકોએ સ્વયંભૂ થિયેટરો છલકાવી દીધા હતા અને સબસિડાઈઝડ રેટ પર સિનેમાનો આસ્વાદ લીધો. જે જોઈને થિયેટર માલિકો પણ અચંબિત થઈ ગયા!!!!" મેં કહ્યું. " ગિરધરભાઈ, છેલ્લા વરસોમાં મલ્ટિપ્લેક્સ માલિકોની ટિકિટ ભાડા અને ફૂડના ભાવોમાં બેફામ લૂંટને કારણે લોકો થિયેટરોથી વિમુખ થઈ ગયેલા. ટીવી, ચેનલો અને ઓટીટી પર ઘરના ડ્રોઈંગ રૂમમાં નજીવી કિંમતે ફિલ્મ જોવા મળે તો થિયેટર સુધી લાંબા થાય??" રાજુએ કહ્યું.

" ગિરધરભાઈ. નેશનલ સિનેમા ડેની ઉજવણી નિમિતે ભાવ ઘટાડાને લીધે ૬૫ લાખ પ્રેક્ષકોએ પંચોતેર રૂપિયામાં સિનેમા નિહાળીને નિર્જીવ મલ્ટિપ્લિક્સ સંજીવની તો ફૂંકી દીધી. પરંતું,આ ટ્રેન્ડ જોખમી છે. બ્રહ્માસ્ત્ર ફિલ્મના નિર્માતાએ ટિકિટની બેઝ પ્રાઈઝ સો રૂપિયા કરવાની ફરજ પડી છે!! આ તો પેલી કહેવત જેવું થયું ડોશી મરી ગઈને જમ ઘર ભાળી ગયા!!

હવે આગે આગે દેખિયે હોતા હૈ કયા!!!

ભરત વૈષ્ણવ
૨૮.૧૦.૨૦૨૨.

# સોના-ચાંદીના વાયદામાં થાક ખાતી તેજી: સોનું રૂ.૧૭૯ અને ચાંદી રૂ.૮૦૭ ઘટ્યા

ક્રૂડ તેલના વાયદામાં પ્રત્યાઘાતી સુધારો: નેચરલ ગેસ, મેન્થા તેલ ઢીલા: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૫૭૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૯૦૧૧ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૫૦ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૮૦,૩૪૬ સોદાઓમાં કુલ રૂ.૧૯,૬૩૧.૨૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૦૫૭૦.૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૯૦૧૧.૧૭ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૩૧,૯૪૪ સોદાઓમાં કુલ રૂ.૭,૦૨૦.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૫,૭૯૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૫,૯૨૦ અને નીચામાં રૂ.૫૫,૫૩૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૭૯ ઘટી રૂ.૫૫,૫૮૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૦૩ ઘટી રૂ.૪૪,૨૩૧ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૩ ઘટી રૂ.૫,૫૦૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬,૧૦૭ના ભાવે ખૂલી, રૂ.૨૧૧ ઘટી રૂ.૫૫,૪૭૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૯,૩૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૪૦૯ અને નીચામાં રૂ.૬૭,૯૮૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૦૭ ઘટી રૂ.૬૮,૫૧૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૭૭૧ ઘટી રૂ.૬૮,૫૪૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૭૬૫ ઘટી રૂ.૬૮,૫૫૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૩,૦૩૯ સોદાઓમાં રૂ.૨,૧૨૧.૯૪ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૧૦ વધી રૂ.૨૦૪.૪૦ અને જસત જાન્યુઆરી વાયદો રૂ.૧.૯૫ વધી રૂ.૨૭૧ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૦.૬૫ વધી રૂ.૭૨૦.૪૫ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ વધી રૂ.૧૮૯ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૪,૯૭૮ સોદાઓમાં કુલ રૂ.૧,૪૧૭.૯૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૧૩૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૨૧૨ અને નીચામાં રૂ.૬,૦૯૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૪૫ વધી રૂ.૬,૧૬૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૩૦ ઘટી રૂ.૩૪૨.૯૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨૨૫ સોદાઓમાં રૂ.૧૦.૦૪ કરોડનાં કામકાજ થયા હતા. મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૨૦ ઘટી રૂ.૧૦૪૨.૯૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૭૩.૧૪ કરોડનાં ૪,૦૭૬.૯૭૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૪,૭૪૭.૩૧ કરોડનાં ૬૯૦.૧૯૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૮૦૬.૪૯ કરોડનાં ૧૩,૦૯,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૬૧૧ કરોડનાં ૧૭૯૪૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૦.૦૪ કરોડનાં ૯૬.૪૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૫૪૪.૮૭૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૩૩.૮૩૧ ટન, ક્રૂડ તેલમાં ૧૧૭૭૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૪૧૬૨૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૭૯.૧૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૪૯.૬૫ કરોડનાં ૬૪૧ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૫,૫૫૮ના સ્તરે ખૂલી, ૯૦ પોઈન્ટ ઘટી ૧૫,૪૬૮ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૯,૦૧૧.૧૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૦૯.૦૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૦૨.૯૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૬૭૮.૨૦ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૩૧૯.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૨૩.૦૯ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૯૧ ખૂલી, ઊપરમાં રૂ.૨૩૭ અને નીચામાં રૂ.૧૮૦ રહી,

અંતે રૂ.૧૭ વધી રૂ.૨૧૫.૧૦ થયો હતો. જ્યારે સોનું જાન્યુઆરી રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૬૦ અને નીચામાં રૂ.૯૫.૫૦ રહી, અંતે રૂ.૫૦.૫૦ ઘટી રૂ.૧૦૮ થયો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૩.૬૦ અને નીચામાં રૂ.૧૧.૫૦ રહી, અંતે રૂ.૧.૦૫ ઘટી રૂ.૧૨.૬૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૪૯ ખૂલી, ઊપરમાં રૂ.૧,૩૭૯ અને નીચામાં રૂ.૯૭૧ રહી, અંતે રૂ.૨૮૯.૫૦ ઘટી રૂ.૧,૦૭૫.૫૦ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૫૪ અને નીચામાં રૂ.૯૦ રહી, અંતે રૂ.૪૫.૫૦ ઘટી રૂ.૧૦૫.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૪.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૩ અને નીચામાં રૂ.૧૪૫.૮૦ રહી, અંતે રૂ.૨૦ ઘટી રૂ.૧૫૯.૩૦ થયો હતો. જ્યારે સોનું જાન્યુઆરી રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૮૦.૫૦ અને નીચામાં રૂ.૨૦૮.૫૦ રહી, અંતે રૂ.૨૫ વધી રૂ.૨૬૮ થયો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૧.૩૦ અને નીચામાં રૂ.૯.૭૦ રહી, અંતે રૂ.૧.૬૦ વધી રૂ.૧૦.૬૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૬૭ અને નીચામાં રૂ.૭૪૦ રહી, અંતે રૂ.૧૮૪ વધી રૂ.૯૪૦ થયો હતો.

સોનું-મિનીજાન્યુઆરી રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૧ ખૂલી, ઊપરમાં રૂ.૩૪૨ અને નીચામાં રૂ.૨૨૮ રહી, અંતે રૂ.૩૧ વધી રૂ.૩૨૫.૫૦ થયો હતો.

# મુખ્યમંત્રી નીતિશકુમાર ફરી બિહારના પ્રવાસે નીકળ્યા, 'સોલ્યુશન' શોધવા ફરશે,

## મુખ્યમંત્રી નીતિશ કુમારની સમાધાન યાત્રા ફેબ્રુઆરી સુધી ચાલશે.



પટણા,તા.૫

મુખ્યમંત્રી નીતિશ કુમાર ફરી એકવાર બિહારની મુલાકાતે નિકળ્યા છે. સીએમ નીતિશે ગુરુવારે પશ્ચિમ ચંપારણ જિલ્લાના દારૂબારી ગામથી તેમની સમાધાન યાત્રા શરૂ કરી હતી. ખાસ વાત એ છે કે આ મુલાકાત દરમિયાન નીતિશ કુમાર કોઈ મોટી રેલી કે ભાષણ નહીં કરે. આ મુલાકાત તેમની અગાઉની મુલાકાતો કરતા ઘણી અલગ હશે. જ્યારથી નીતીશ કુમાર મહાગઠબંધન સાથે સત્તામાં આવ્યા છે ત્યારથી ભાજપ તેમને કાયદો અને વ્યવસ્થા અને દારૂબંધી સહિતના મુદ્દાઓ પર સવાલ કરી રહી છે.આવી સ્થિતિમાં આગામી લોકસભા ચૂંટણી પહેલા જેડીયુ માટે સમાધાન યાત્રા ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારની સમાધાન યાત્રા ફેબ્રુઆરી સુધી ચાલશે. કેબિનેટ સચિવાલયે હાલમાં ૨૯ જાન્યુઆરી સુધીનો સમયપત્રક જાહેર કર્યો છે. આ દરમિયાન સીએમ નીતિશ ૧૬ દિવસમાં ૧૮ જિલ્લાની મુલાકાત લેશે. આ યાત્રા પશ્ચિમ ચંપારણ જિલ્લામાંથી શરૂ થઈ છે. અહીંથી તેઓ શિયોહર, સીતામઢી, વૈશાલી, સિવાન, સારણ, મધુબની, દરભંગા, સુપૌલ, સહરસા, અરરિયા, કિશનગંજ, કટિહાર, ખગરિયા, બાંકા, મુંગેર, લખીસરાય અને શેખપુરા જિલ્લા જશે. ફેબ્રુઆરીનું શિડ્યુલ પછીથી જાહેર કરવામાં આવશે.નીતીશ કુમાર મુખ્યપ્રધાન રહીને બિહારના અનેક પ્રવાસો કરી ચૂક્યા છે. દર વખતે યાત્રાની થીમ ખાસ હોય છે. આ વખતે તેણે પોતાની યાત્રાનું નામ 'સમાધાન' રાખ્યું છે. સીએમ નીતીશે કહ્યું કે યાત્રા દરમિયાન તેઓ સ્થળે સ્થળે જશે અને સરકારી યોજનાઓની વાસ્તવિક સ્થિતિનો હિસાબ લેશે. તેઓ જોશે કે યોજનાઓનો લાભ ખરેખર જમીન પર મળી રહ્યો છે કે નહીં. તે જનતા સાથે વાત કરશે, તેમની સમસ્યાઓ જાણશે અને પછી તેનો ઉકેલ લાવશે. આ દરમિયાન તેઓ પ્રતિબંધ અંગેનો અભિપ્રાય પણ લેશે.મુખ્યમંત્રી નીતિશ કુમારે ગયા વર્ષે ઓગસ્ટમાં ભાજપને છોડીને મહાગઠબંધન સાથે સરકાર બનાવી હતી. ત્યારથી ભાજપ તેમના પર પ્રહારો કરી રહ્યું છે. ભાજપનો દાવો છે કે જ્યારથી નીતીશ આરજેડી સાથે સત્તામાં આવ્યા છે ત્યારથી બિહારમાં જંગલરાજ ફરી વળ્યું છે. ગુનેગારો નિર્ભયતાથી લૂંટ, હત્યા જેવા બનાવોને અંજામ આપી રહ્યા છે. કાયદો અને વ્યવસ્થાની સાથે વિપક્ષો પણ દારૂબંધીને લઈને મુખ્યમંત્રી પર પ્રહારો કરી રહ્યા છે. મુખ્યમંત્રી નીતીશ કુમારે આ છબી સુધારવાની યાત્રા શરૂ કરી છે.દરમિયાન, સીએમ નીતિશ કુમારની નજર લોકસભા ચૂંટણી ૨૦૨૪ પર ટકેલી છે. તેઓએ દેશભરના વિરોધ પક્ષોને એક કરવાનો સંકલ્પ લીધો છે. જેડીયુના નેતાઓ તેમને પીએમ પદના ઉમેદવાર તરીકે રજૂ કરી રહ્યા છે. આ માટે જેડીયુ પોતાને મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહી છે. નીતિશની સમાધાન યાત્રાથી તર્દ્ધે કાર્યકર્તાઓમાં ઉત્સાહ વધશે. રાજકીય નિષ્ણાતોના મતે નીતીશ પહેલા પોતાની જમીનને મજબૂત કરવામાં વ્યસ્ત છે, ત્યારબાદ તેઓ રાષ્ટ્રીય રાજનીતિ તરફ આગળ વધશે.

## કાશ્મીરમાં ગૃહમંત્રાલયનો રિપોર્ટ

# ભાજપે છેતરપિંડીની રાજનીતિ દ્વારા ગૃહ મંત્રાલયને પણ નીચે લાવી દીધું છે: મેહબુબા

શ્રીનગર,તા.૫

ભારતીય જનતા પાર્ટી પર કટાક્ષ કરતા પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખ મહેબૂબા મુફ્તીએ કહ્યું કે તેણે તેની છેતરપિંડીની રાજનીતિ દ્વારા ગૃહ મંત્રાલયને પણ બક્ષ?યું નથી. તે જમ્મુ અને કાશ્મીર અંગેના મંત્રાલયના અહેવાલ પર પ્રતિક્રિયા આપી રહી હતી. મહેબૂબાએ અનેક ટ્વિટમાં કહ્યું કે તેઓ આઘાતમાં છે કે ભાજપે છેતરપિંડીની રાજનીતિ દ્વારા ગૃહ મંત્રાલયને પણ નીચે લાવી દીધું છે. આ અહેવાલ માત્ર જુઠ્ઠાણા ભરેલો જ નહી પરંતુ તે સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વ હેઠળના મહત્વના વિભાગને પણ બદનામ કરવા જેવો છે.

જમ્મુ અને કાશ્મીરમાં અગાઉની લોકશાહીનો અર્થ માત્ર ત્રણ પરિવારો હતો તેવા અહેવાલના ભાગ પર પ્રતિક્રિયા આપતા, મહેબૂબાએ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સેક્રેટરી જય શાહનો હવાલો આપતા જણાવ્યું કે જેઓ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના પુત્ર છે.

મહેબૂબા મુફ્તીએ કહ્યું હતું કે કહેવાતા વંશમાં આજે આપણે જ્યાં છીએ ત્યાં ઊભા રહેવા માટે ઓછામાં ઓછી મહેનત કરી છે. બીસીસીઆઈનું નેતૃત્વ કરવા માટે અમારામાંથી કોઈને ઉપરથી મોકલવામાં આવ્યા નથી. પાર્ટીની બેઠક બાદ તેમણે પત્રકારોને કહ્યું કે તે દુ:ખદ છે કે ગૃહ મંત્રાલય જમ્મુ અને કાશ્મીરમાં વસ્તુઓને હળવાશથી લઈ રહ્યું છે.

ગૃહ મંત્રાલયના અહેવાલ વિશે શું કહી શકાય! તે દુ:ખદ છે કે તેઓ વસ્તુઓને આટલી હળવાશથી લઈ રહ્યા છે. તેઓ એવું વર્તન કરી રહ્યા છે જાણે જમ્મુ-કાશ્મીરમાં પહેલીવાર પંચાયતની ચૂંટણી થઈ હોય. જમ્મુ અને કાશ્મીરમાં પંચાયતની ચૂંટણી સૌ પ્રથમ શેખ મોહમ્મદ અબ્દુલ્લાના સમયમાં યોજાઈ હતી. તે પછી ફારૂક સાહેબના સમયમાં પણ.

મુફ્તીએ કહ્યું કે તેઓ જુઠ્ઠાણા પર જુઠ્ઠુ બોલી રહ્યા છે. સરકારે સંસદમાં રોકાણના આંકડા આપ્યા છે. તે આંકડા શું છે અને ગૃહ મંત્રાલયના રિપોર્ટમાં કયા આંકડા આપવામાં આવ્યા છે? તેઓ કેટલું જૂઠું બોલી શકે છે? મહેબૂબાએ કહ્યું કે ભાજપ રાજકીય લાભ માટે ધર્મનો દુરુપયોગ કરી રહી છે અને તેના ખરાબ પરિણામો આવશે. તેમણે કહ્યું કે તેમની પાસે લોકોને આપવાનું કામ નથી. જ્યારે પણ રાજકીય લાભ માટે ધર્મનો દુરુપયોગ થાય છે ત્યારે તેના પરિણામો વિનાશક હોય છે.

# કલમ ૧૪૪ એ ૧૮૯૮માં બ્રીટીશ સરકારના રાજ વખતે આઝાદીના લડવૈયાઓ સામે ઉપયોગ કરવા માટે બનાવવામાં આવી હતી. તે વખતે પણ કલમ ૧૪૪ હેઠળ કોઈ ગુન્હો નોંધવામાં પ્રાવધાન હતું નહીં:

શ્રી હેમાંગ રાવલ

કોરોના પહેલા ત્રણ વર્ષમાં માત્ર અમદાવાદમાં ૬૪ વાર કલમ ૧૪૪ નું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતુ: શ્રી હેમાંગ રાવલ

ભૂતકાળમાં કલમ ૧૪૪ નો ઉપયોગ કાયદો અને વ્યવસ્થા બનાવવા માટે નહી પરંતુ સરકારના અઘટીત કાર્યોના વિરોધને દબાવવા માટે ઉપયોગ થયેલો છે, કલમ ૧૪૪ એ એક પ્રકારનો અઘોષીત કરફ્યુ ગણી શકાય: શ્રી હેમાંગ રાવલ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર વાર્તાને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા સહ કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, ગુજરાતના હવે ૧૪૪નો ભંગ કરનાર સામે ફોજદારી કેસ દાખલ કરવામાં આવશે. કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (CrPC) ની કલમ ૧૪૪ નું ઉલ્લંઘન કરીને વિરોધ પ્રદર્શન કરનારા લોકો સામે ફોજદારી કેસ નોંધવાની સુવિધા આપતા ગુજરાતના બિલનu(Gujarat bill) કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (ગુજરાત સુધારા) બિલ, ૨૦૨૧,(The Code of Criminal Procedure (Gujarat Amendment) Bill, 2021) ને રાષ્ટ્રપતિ દ્વારા મંજૂરી (Presidential assent) આપવામાં આવી છે.

આ વિધેયકમાં કલમ ૧૪૪ CrPC હેઠળ જારી કરવામાં આવેલા પ્રતિબંધિત આદેશોનું કોઈ પણ ઉલ્લંઘન ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ (જાહેર સેવક દ્વારા યોગ્ય રીતે જાહેર કરવામાં આવેલા આદેશનો અનાદર) હેઠળ સંજ્ઞેય ગુનો બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ વિધેયકના નિવેદન અને ઉદ્દેશો અનુસાર ગુજરાત સરકાર, પોલીસ કમિશનરો અને જિલ્લા મેજિસ્ટ્રેટોને સીઆરપીસી કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધિત આદેશો જારી કરવાની સત્તા આપવામાં આવી છે, જેમાં કોઈ પણ વ્યક્તિને ચોક્કસ કાયદાથી દૂર રહેવા અથવા જાહેર સુલેહ-શાંતિમાં ખલેલ ન પહોંચે તે માટે અથવા વિવિધ પ્રસંગોએ જાહેર વ્યવસ્થા જાળવવા માટે તોફાનો અથવા અફરાતફરીને રોકવા માટે ચોક્કસ આદેશ લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે પોલીસ અધિકારીઓ જ્યારે આવી ફરજો પર તૈનાત હોય છે ત્યારે ઉલ્લંઘનની ઘટનાઓ સામે આવે છે અને ઝીંકની કલમ ૧૮૮ હેઠળ ઉલ્લંઘન કરનારાઓ સામે યોગ્ય કાનૂની કાર્યવાહી કરવાની જરૂર છે.

શ્રી હેમાંગ રાવલે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોએ જ્યારે આ બીલ લાવવામાં આવ્યું ત્યારે વિરોધ કર્યો હતો અને તે વખતના આંદોલનકારીઓને દબાવીને આંદોલન ના થાય તેના માટે આનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભૂતકાળમાં કલમ ૧૪૪ નો ઉપયોગ કાયદો અને વ્યવસ્થા બનાવવા માટે નહી પરંતુ સરકારના અઘટીત કાર્યોના વિરોધને દબાવવા માટે ઉપયોગ થયેલો છે. સીઆરપીસીની કલમ ૧૪૪ સુરક્ષા સંબંધિત જોખમ હોય અથવા કાયદો અને વ્યવસ્થા કે આરોગ્યની સ્થિતી ના બગડે તેના માટે જ લગાડવામાં આવતી હોય છે પરંતુ કોરોના પહેલા ત્રણ વર્ષમાં માત્ર અમદાવાદમાં ૬૪ વાર કલમ ૧૪૪ નું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું.

કલમ ૧૪૪ એ ૧૮૯૮માં બ્રીટીશ સરકારના રાજ વખતે આઝાદીના લડવૈયાઓ સામે ઉપયોગ કરવા માટે બનાવવામાં આવી હતી. તે વખતે પણ કલમ ૧૪૪ હેઠળ કોઈ ગુન્હો નોંધવામાં પ્રાવધાન હતું નહીં પરંતુ સરકારે ૧૪૪નો (૪ થી વધારે વ્યક્તિ ભેગા ન થવા જોઈએ) ભંગ કરનાર સામે પોલીસને ફરીયાદ (કલમ ૧૮૮ અંતર્ગત) કરવાની સત્તા આપવામાં આવી છે. આમ જોવા જઈએ તો સાત વર્ષથી ઓછી સજા ના પ્રાવધાન વાળા આરોપીઓને પોલીસ સ્ટેશનમાંથી સીધા જામીન મળે છે પરંતુ હવે અહીં ૧૪૪ નો ભંગ કરનારને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરીને જામીન મેળવવાના રહેશે. ૧૪૪ની કલમ માં ઈન્ટનેટ પર પ્રતિબંધની પણ જોગવાઈ હોવાથી જો ૧૪૪ કલમ લાગેલી હશે અને કોઈપણ રીતે યુવાનો ઈન્ટનેટ વાપરશે તો તેમના ઉપર પણ પોલીસ ગુન્હો દાખલ કરી શકશે તે બાબતે પણ ઘણી બધી વિસંગતતાઓ દેખાઈ રહી છે. ભૂતકાળમાં કોંગ્રેસની સરકાર વખતે લોકશાહી અને બંધારણના આદર્શોને ધ્યાનમાં રાખીને વિરોધ પક્ષોને પણ જો વિરોધ પ્રદર્શન કરવું હોય તો વિધાનસભા સામે મંડપ બાંધીને પાણી વગેરેની વ્યવસ્થા કરવામાં આવતી હતી. પરંતુ હવે આવા કાયદાઓથી જો કલમ ૧૪૪ લાગેલી હશે મોંઘવારી વિરુધ્ધ મહિલાઓ આંદોલન કરશે, પેપર ફુટે અથવા બેરોજગારી વિરુધ્ધ યુવાનો આંદોલન કરશે, પાક વિમા ના મળે અથવા પોતાના પાકનો ટેકાનો ભાવ ના મળે અને ખેડૂતો આંદોલન કરશે, અથવા આ આંદોલનોને લોકશાહીની ચોથી જાગીર પત્રકારો પણ જો ચાર થી વધુ ભેગા થઈને સ્ટોરી કવર કરશે તો તેમની સામે પણ કેસ નોંધવાની સત્તા પોલીસને મળી રહી હોય તેમ લાગી રહ્યું છે.

ગુજરાતમાં પહેલેથી જ ખેડૂતો, મહિલાઓ, યુવાનો, બેરોજગારો, કોન્ટ્રાક્ટ ઉપરના કર્મચારીઓ, ઓલ્ડ પેન્શનની માંગણી કરતા સરકારી કર્મચારીઓ પોતાની વિવિધ માંગણીઓ માટે શાંતિપૂર્વક આંદોલન કરી રહ્યાં હતા અને તેમને હજી સુધી ન્યાય મળેલ નથી. આવા માનવ અધિકારોના હનન કરતા કાયદાઓથી લોકશાહીમાં વિરોધ કરવાના અધિકારને દબાવવામાં આવી રહ્યો છે અને આમ જોવા જઈએ તો કલમ ૧૪૪ એ એક પ્રકારનો અઘોષીત કરફ્યુ ગણી શકાય ?ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. અમિત નાયક હાજર રહ્યાં હતાં.

ડૉ. અમિત નાયક
પ્રવક્તા

# ભાવનગરમાં જૈન દેરાસરમાં છતર તથા દાન પેટીમાં આવેલ રોકડ ૧૦૦૦૦ ની ચોરી થઈ

## તળાજા નગરના જૂના ગામતળમાં આવેલ જિનાલય અને ડુંગર પર આવેલ જિનાલયોમાં ભૂતકાળમાં ચોરી થઈ છે

ભાવનગર, તા.૫

ભાવનગર જિલ્લાના તળાજા મહુવા હાઈવે પર બોરડા નજીક જૈન દેરાસર સાથે હાલ વિહારધામનું કામ શરૂ છે. જે મુંબઈ ખાતે રહેતા શશીકાંતભાઈ ચુનીલાલ સલોત દ્વારા બંધાવવા મા આવેલ છે.અહી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન પ્રતિમા સ્વરૂપે બિરાજે છે.આ મંદિર મા ભગવાનને ચડાવેલ ચાંદી સહિત ધાતુની કીમતી વસ્તુ અને ભંડારમાં આવેલ રોકડ મળી કુલ એકલાખ બે હજાર ની મત્તા ની ગતરાત્રિ દરમિયાન તસ્કરો ચોરી કરી ગયા છે.સવારે ભગવાનની પૂજા કરવા માટે દેરાસર ખોલવા જતા દરવાજાના તાળા તૂટેલા હતા.એ તાળા ઈંટો પથ્થરથી તોડવામાં આવેલ હોવાનું જોવા મળ્યું હતું. જેને લઈ દાઠા પોલીસ ને જાણ કરતા દાઠા પો.સ.ઈ વ્યાસ,તથા એલસીબી પો.સ.ઈ ભાવેશ શિંગરખીયા સહિતનો કાફલો દોડી આવ્યો હતો.તેઓને શશીકાંતભાઈ સેલોત અને રોહિતભાઈ એ જણાવ્યું હતું કે છતર નંગ ૩ કિંમત ૯૨૦૦૦ તથા દાન પેટીમાં આવેલ રોકડ ૧૦૦૦૦ ની ચોરી થઈ છે.જેની ફરિયાદ દાઠા પોલીસે નોંધી છે. પોલીસ ની પ્રાથમિક તપાસમાં દેરાસર મા જે છતર ચડાવવાના આવ્યું છે તે સાતેક દિવસ પહેલા ચડાવવાના આવ્યું છે.

હાલ દેરાસર અને વિહારધામ મા વધુ સવલતો માટે નું કન્સ્ટ્રકશન કામ શરૂ છે. અહી સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હતા જે છેલ્લા સાતેક દિવસથી બંધ છે. કીમતી છત્તર ચડાવ્યા બાદ જે રીતે ઈંટ અને પથ્થર થી તાળું તોડવામાં આવ્યા છે તે રીઢા તસ્કરોનું કાર્ય ગણવામાં આવતું નથી.જાણ ભેદુ હોવાની પ્રાથમિક થીયરી સાથે અહી કામ કરતા મજૂરોને પોલીસે અલગ અલગ રીતે બોલાવીને પૂછ પરછ હાથ ધરી છે.આસપાસ ની દુકાનો, રસ્તા પર ક્યાંય સીસીટીવી કેમેરા લાગેલા હોય તો તેના આધારે તપાસ શરૂ કરી છે. પોલીસ અધિકારીઓ ચોરીનો ભેદ જલદીથી ઉકેલાય જશે તે માટે આશાવાદી છે.

પાલીતાણા અને સંમેત શિખર ને લઈ રાજ્ય સહિત દેશમાં જૈન સમાજમાં આક્રોશ છે. પ્રથમ વખત જૈન સમાજ, સાધુ ભગવંતો સાથે રસ્તાપર ઉતરી રહ્યો છે. ત્યારે બોરડા નજીક નવા જ બનેલા જૈન દેરાસર મા ચોરી થયાની ઘટનાથી ચિંતાતુર બન્યો હતો.જોકે જૈન યુવાનોએ જણાવ્યું હતું કે ભગવાનની મૂર્તિ સલામત છે તેને કોઈ નુકશાન નથી એટલે ચિંતા નથી.

તળાજા નગરના જૂના ગામતળમાં આવેલ જિનાલય અને ડુંગર પર આવેલ જિનાલયોમાં ભૂતકાળમાં ચોરીના બનાવોના અનુભવના આધારે દેરાસરમાં કીમતી ધાતુની વસ્તુઓ નહિ રાખવાની નિર્ણય કરેલો છે. જેને લઈ હવે કોઈજ વસ્તુ કીમતી જીનલયોમાં અહીં રાખવામાં આવતી નથી. ચોરી ની ફરિયાદ ને લઈ ઈન્વેસ્ટીગેશન કરતા ભાવેશ સિંગરખીયાએ જણાવ્યું હતુંકે કે તસ્કરોએ ભગવાન ને ચડાવેલ ચાંદીનો મુગટ ઉતર્યો હતો.જોકે તેને સાથે નથી લેતા ગયા! સાઈડ મા પડેલો જોવા મળ્યો હતો.

# સાબરકાંઠા જિલ્લાના વડાલી શેઠ સી જે હાઈસ્કુલ ના સભા ગૃહમાં ૭૫ વર્ષથી ઉપરના વડીલો નો સન્માન સમારોહ યોજાયો



સાબરકાંઠા જિલ્લાના વડાલી ખાતે કેળવણી મંડળ વડાલી સંચાલિત શ્રી શેઠ સીજે હાઈસ્કુલ ના સભાગૃહમાં વડાલી તાલુકાના ૭૫ વર્ષથી ઉપરના વડીલો અને ૭૫ વર્ષથી ઉપરના નિવૃત્ત શિક્ષક અને શિક્ષિકાઓનું સન્માન સમારોહ ગુજરાત રાજયના ભારતીય જનતા પાર્ટીના ઉપાધ્યક્ષ શ્રી ગોરધનભાઈ ઝડફિયાના અધ્યક્ષ સ્થાને યોજાયો

આ સમારંભમાં વડાલી ઈડર વિધાનસભાના ધારાસભ્ય રમણલાલ વોરા ખેરાલુ વિધાનસભાના ધારાસભ્ય સરદારભાઈ ચૌધરી વડાલી કેળવણી મંડળના પ્રમુખ તખતસિંહ હડિયોલ નગરપાલિકા ના પ્રમુખ હંસાબેન સગર હરીસિંહ ભાટી ઈન આચાર્ય બી આર ચૌધરી તાલુકા પ્રમુખ બાબુભાઈ ખાંટ તેમજ નગરપાલિકા ના સદસ્યો સમગ્ર કેળવણી મંડળના સભ્યશ્રીઓ વગેરેની હાજરીમાં યોજાયોઆ કાર્યક્રમમાં વડાલી તાલુકાના ૭૫ વર્ષથી ઉપરના વડીલો મોટી સંખ્યામાં પધાર્યા હતા સમગ્ર કાર્યક્રમ દરમિયાન સૌ લોકોએ સાથે મળીને પોતાની જૂની યાદો તાજી કરી હતી પોતાને મળેલા સન્માનને લઈને સૌ વડીલો ગદગદ થયા હતા અને સમગ્ર આયોજન કરવા બદલ કેળવણી મંડળના આયોજકોનું આભાર માન્યો હતો.

# શ્રી કે.એન.શાહ મોડાસા હાઈસ્કૂલમાં તા.૦૨-૦૧-૨૦૨૩ થી તા.૦૪-૦૧-૨૦૨૩ સુધી હાર્ટફૂલનેસ ઈન્સ્ટીટયુટ ગાંધીનગર દ્વારા ત્રી-દિવસીય ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું

આ ધ્યાન શિબિરમાં શ્રી મુકેશભાઈ બારોટ (સંયોજક, હાર્ટફૂલનેસ ઈન્સ્ટીટયુટ ગાંધીનગર), શ્રી હસમુખભાઈ પટેલ (નિવૃત ઓફિસર, બાગાયત વિભાગ, ગાંધીનગર અને ટ્રેનર), શ્રીમતી અમીબેન (ટ્રેનર, હાર્ટફૂલનેસ ઈન્સ્ટીટયુટ ગાંધીનગર), શ્રી સી.બી.પંડયા સાહેબ, શ્રી ઉપેન્દ્રભાઈ જોષી, શ્રી વિનોદભાઈ ભાવસાર, શ્રીમતી દક્ષાબેન ભાવસાર અને શ્રીમતી જ્યોતિબેન પંડ્યા વગેરે હાજર રહી ધો-૧૦ અને ધો-૧૨ ના વિદ્યાર્થી ભાઈ બહેનોને આગામી બોર્ડ પરીક્ષામાં ઉપયોગી થાય અને ધ્યાન દ્વારા જીવનને સાર્થક બનાવી શકાય તેવી સુંદર માહિતી આપી હતી. આ કાર્યક્રમની પુર્ણાહુતી પ્રસંગે ડુંગરપુર નિવાસી કોપલ ભટ્ટ (ઉ.૧૦ વર્ષ) હાજર રહી આખે પાટા બાંધ્યા હોવા છતાં જુદા જુદા રંગોને ઓળખવા, વાંચન કરવું, જુદા જુદા નંબરો ઓળખવા, ચલણી નોટોની ઓળખ કરવી જેવી ધ્યાન દ્વારા પ્રાપ્ત અદ્ભુત ક્ષમતાઓનો પરિચય કરાવ્યો હતો. આ શિબિરમાં વિદ્યાર્થીઓની સાથે સાથે શાળાના આચાર્યશ્રી એમ.આઈ.જોષી સાહેબ અને સમગ્ર સ્ટાફ હાજર રહી ત્રી-દિવસીય ધ્યાન શિબિરને ખુબ જ સફળ બનાવી હતી.

# મહિલા સાથે 'રેપ' અને 'જાતીય સતામણી' ભારતીય સમાજનું કાળું અને વરવું સત્ય: હાઈકોર્ટ

અમદાવાદ,તા.૫

૧૨ વર્ષ અને સાત મહિનાની સગી પુત્રી સાથે જાતિય અડપલાં કરનારા પિતાની જામીન અરજી ફગાવતાં ચુકાદામાં હાઈકોર્ટના જસ્ટિસ સમીર દવેએ પદ્મપુરાણ અને મનુસ્મૃતિના શ્લોક ટાંક્યા છે. જસ્ટિસ દવેએ પદ્મપુરાણના શ્લોક 'પિતા ધર્મઃ પિતા સ્વર્ગઃ પિતા હિ પરમમ્ તપઃ'ને ટાંકતા એવું અવલોકન કર્યું છે કે, 'આ શ્લોકનો અર્થ છે કે મારા પિતા મારો ધર્મ છે, મારા પિતા મારું સ્વર્ગ છે.

તેઓ મારા માટે જીવનની પરમ તપસ્યા છે.' પિતાનું સંતાનના જીવનમાં કેટલું મહત્ત્વ હોય છે તે જણાવતાં ચુકાદામાં જસ્ટિસ દવેએ એવું માર્મિક અવલોકન પણ કર્યું છે કે, 'મહિલાઓ સાથે 'રેપ' અને 'જાતિય સતામણી'ના ગુના ભારતીય સમાજનું કાળું અને વરવું સત્ય છે. જે મહિલાના આત્મા અને તેના આત્મસન્માનને પીંખી કાઢે છે.'

હાઈકોર્ટના જસ્ટિસ સમીર દવેએ એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપતા નોંધ્યું છે કે, 'એક છોકરી કે મહિલા જે અત્યંત ખુશ મિજાજ હોય છે, જ્યારે તેને જન્મ આપનાર દ્વારા જે તેની સાથે રેપ કે જાતીય સતામણી જેવા ગુના થાય છે, ત્યારે તેનો અંતરઆત્મા વેરવિખેર થઈ જાય છે અને તેને કંઈ સમજ જ પડતી નથી કે તેની સાથે આવો જઘન્ય અને દુ:સ્વપ્ન સમાન ગુનો કેમ થયો. એક દીકરી હંમેશાં તેના પિતાને એક કવચની જેમ જોતી હોય છે અને સન્માન આપે છે. પિતા અને પુત્રીના સંબંધમાં એક પવિત્રતા હોય છે. પરંતુ જ્યારે ખુદ પિતા કે જે પુત્રીનો રક્ષક છે તે નરાધમ કૃત્ય કરે ત્યારે માનવીય ચેતના હચમચી જાય છે. આવા ગુનામાં આકરામાં આકરી સજા થવી જ જોઈએ. પિતા જ પુત્રી પર રેપ કે જાતીય સતામણીનો આરોપી હોય એના જેવો જઘન્ય ગુનો બીજો કોઈ ન હોઈ શકે.'

હાઈકોર્ટે ચુકાદામાં પિતા અને માતાની મહત્તાને પ્રતિપાદિત કરતા મનુસ્મૃત્તિના શ્લોકને ટાંકતા કહ્યું છે કે, '૧૦ ઉપાધ્યાયથી મોટા એક આચાર્ય, ૧૦૦ આચાર્યથી મોટા એક પિતા અને ૧૦૦૦ પિતાથી મોટી એક માતા હોય છે.' પ્રસ્તુત કેસમાં ગુનાની ગંભીરતા અને ફરિયાદમાં થયેલા આક્ષેપો જોતાં અરજદાર પિતાની જામીન માટેની અરજી રદબાતલ કરવામાં આવે છે.

આ કેસ દેવભૂમિ દ્વારકાનો છે. જેમાં પિતાએ સગી પુત્રીની જાતીય સતામણી કરતાં માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેની વિગતો મુજબ પીડિતા ૧૨ વર્ષ અને સાત મહિનાની છે અને આરોપી તેનો સગો પિતા છે. તે એક દિવસ દીકરીનો હાથ પકડીને ઘરની અંદર લઈ ગયો હતો અને શારીરિક ચેનચાળા કર્યા હતા અને પિતા હોવા છતાંય પુત્રી સાથે નિકાહ કરવા છે એમ કહ્યું હતું.

એ પહેલાં પણ એકવાર પુત્રી સૂતી હતી ત્યારે પિતાએ તેના હાથ દોરીથી બાંધી મોઢામાં કપડું નાખી તેને મારી કાઢવાની ધમકી આપી હતી. આ ફરિયાદમાં અરજદાર પિતાને નીચલી અદાલતે જામીન નહીં આપતા તેણે હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જે અરજીમાં હાઈકોર્ટે રાહત નહીં આપવાનું વલણ દાખવતા અરજદારે અરજી પરત ખેંચી લેવાની દલીલ કરી હતી. જે દલીલ પણ હાઈકોર્ટે ફગાવી હતી અને વિસ્તૃત આદેશ કરવાની ટકોર કરી હતી

# ઉત્તરાખંડમાં રેલવેની જમીન પરનાં હમણાં દબાણ નહીં હટે: થોડીક માનવતા રાખો, પહેલા પુનર્વસન કરો: સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૫

ઉત્તરાખંડની નૈનીતાલ હાઈકોર્ટે હલ્દવાનીમાં રેલવેની ૨૯ એકર જમીન પર થયેલા ગેરકાયદે દબાણને તોડી પાડવાનો આદેશ આપ્યો છે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી શરૂ થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ સરકારને કહ્યું હતું કે ઘણા લોકો ત્યાં લાંબા સમયથી રહે છે. તેમના પુનર્વસન માટે વ્યવસ્થા કરવી જોઈએ. તમે તેમને ૭ દિવસમાં કેવી રીતે જવા માટે કહી શકો? સાથે એમ પણ કહ્યું હતું કે સરકારે થોડોક માનવીય અભિગમ અપનાવવો જોઈએ અને પહેલા મોટી સંખ્યામાં વસતા લોકોનો પુનર્વસવાટ કરો, પછી દબાણ દૂર કરો. હાલમાં દબાણ દૂર કરવા પર સુપ્રીમ કોર્ટે સ્ટે આપ્યો છે. આ નિર્ણયથી ૪ હજાર પરિવારને રાહત મળી છે. અહીં બુધવારે કેટલાક લોકોએ નૈનીતાલ હાઈકોર્ટના નિર્ણયનો વિરોધ કર્યો અને સુપ્રીમ કોર્ટના દરવાજા ખટખટાવ્યા. અરજદારો વતી કોંગ્રેસનેતા સલમાન ખુર્શીદ કેસ લડે છે.વાસ્તવમાં ઉત્તરાખંડમાં હલ્દવાનીના બનભૂલપુરા વિસ્તારમાં રેલવે પાસે ૨૯ એકર જમીન છે. ઘણાં વર્ષો



પહેલાં આ જમીન પર કેટલાક લોકોએ કાચાં મકાનો બનાવ્યાં હતાં. ધીરે ધીરે અહીં પાકાં મકાનો બની ગયાં અને પછી તો વસાહત બની ગઈ. નૈનીતાલ હાઈકોર્ટે આ વસાહતોમાં રહેતા લોકોને જગ્યા ખાલી કરવાનો આદેશ આપ્યો હતો.રેલવેએ અખબારો દ્વારા નોટિસ જારી કરીને દબાણ કરનારાઓને એક સપ્તાહની અંદર એટલે કે ૯ જાન્યુઆરી સુધીમાં જગ્યા ખાલી કરવા તાકીદ કરી છે. રેલવે અને જિલ્લા વહીવટીતંત્રે ચેતવણી પણ આપી છે કે જો જગ્યા ખાલી નહીં કરો તો મકાનો તોડી પાડવામાં આવશે. લોકો હવે પોતાના ઘર બચાવવા માટે વિરોધપ્રદર્શન કરી રહ્યા છે.હલ્દવાનીના બનભૂલપુરામાં ૪ હજારથી વધુ પરિવારો રહે છે. તેમાંથી મોટા ભાગના મુસ્લિમ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આઝાદી પહેલાં આ જગ્યાએ બગીચા, લાકડાંનાં ગોદામ અને કારખાનાં હતાં. ઉત્તર પ્રદેશના રામપુર, મુરાદાબાદ અને બરેલીના લઘુમતી સમુદાયના લોકો આમાં કામ કરતા હતા. ધીરે ધીરે તેઓ અહીં સ્થાયી થયા અને ૨૯ એકર રેલવેની જમીન પર દબાણ કરીને રહેવા લાગ્યા.હલ્દવાની રેલવે સ્ટેશનની આસપાસનો આ વિસ્તાર ૨ કિલોમીટરથી વધુ એરિયાને કવર કરે છે. આ વિસ્તારો ગફુર બસતિ, ઢોલક બસતિ અને ઈન્દિરા નગરના નામથી ઓળખાય છે. અહીંના અડધા પરિવારો જમીનના લીઝ પર દાવો કરી રહ્યા છે. આ વિસ્તારમાં ૪ સરકારી શાળા, ૧૧ ખાનગી શાળા, એક બેંક, બે ઓવરહેડ પાણીની ટાંકી, ૧૦ મસ્જિદ અને ચાર મંદિર છે.

રેલવેની જમીન પર આટલા મોટા પાયે બાંધકામની પરવાનગી કેવી રીતે આપવામાં આવી? આ અંગે રેલવે બોર્ડના અધિકારી વિવેક ગુપ્તાએ કહ્યું- રેલવેલાઈનની આસપાસ દબાણ થવું એ દેશવ્યાપી સમસ્યા છે. રેલવેની જમીન પર દબાણનો આ મામલો ૨૦૧૩માં કોર્ટમાં પહોંચ્યો હતો. એ સમયે નજીકમાં નદીમાંથી ખનન થાય છે,

મૂળ પિટિશન તો એની કરવામાં આવી હતી, એમાંથી આ મુદ્દો ઊખડ્યો.જિલ્લા મેજિસ્ટ્રેટ ધીરજ ગબ્રયાલે કહ્યું હતું કે લોકો અહીં રેલવેની જમીન પર રહે છે. તેમને દૂર કરવા પડશે. તૈયારી ચાલી રહી છે. અમે વધારાના સુરક્ષા દળોની માગણી કરી છે. ટૂંક સમયમાં ગેરકાયદે દબાણ દૂર કરવામાં આવશે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું હતું કે તેમની સરકાર સુપ્રીમ કોર્ટના નિર્ણયનું સન્માન કરશે. પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રનું કહેવું છે કે તેઓ હાઈકોર્ટના આદેશનું પાલન કરી રહ્યા છે.વહીવટીતંત્રે અને રેલવેએ સાથે મળીને જમીનનું નિરીક્ષણ કર્યું. એ જ રાત્રે અહીં રહેતા લોકોએ વિશાળ કેન્ડલ માર્ચ કાઢીને ધરણાં કર્યા. અહીંની એક મસ્જિદમાં સંખ્યાબંધ લોકોએ સમૂહ નમાઝ ઈજતેમાઈ દુઆ અદા કરી હતી. મસ્જિદ ઉમરના ઈમામ, મૌલાના મુકિમ કાસમીએ કહ્યું હતું કે લોકોએ સમાધાન માટે સામૂહિક રીતે દુઆ અદા કરી.કેટલાક લોકો રડતા પણ જોવા મળ્યા. દેખાવકારોમાંથી એક ૭૦ વર્ષીય ખૈરુનિસાએ ધ ઈન્ડિયન એક્સપ્રેસને કહ્યું, "હું અહીં આજે છું. કાલથી નહીં હોઉં. મને મારાં સંતાનો અને પૌત્રોની ચિંતા છે. શું આ જમીન પર મકાનો, શાળાઓ અને હોસ્પિટલો બન્યા પછી જ રેલવે જાગ્યું?

# આંધ્રમાં ૯૫,૦૦૦ લાભાર્થીઓનો સરકારી જગ્યા પર મકાન બનાવવાનો ઈનકાર

અમરાવતી,તા.૫

આંધ્રપ્રદેશ સરકારે બે વર્ષ પહેલા આશરે ૯૫,૦૦૦ મહિલા લાભાર્થીઓ મકાન બનાવવામાં આપેલી જગ્યા પર પર હવે આ લાભાર્થીઓએ સરકારી યોજના હેઠળ મકાનનું નિર્માણ કરવાનો ઈનકાર કર્યો છે. તેનાથી સરકાર માટે વિકટ સ્થિતિ ઊભી થઈ છે. હાઉસિંગ ડિપાર્ટમેન્ટના અધિકારીઓના જણાવ્યા અનુસાર લાભાર્થીઓ રાજ્ય સરકારને વૈકલ્પિક સ્થળોએ જગ્યાઓ પ્રદાન કરવા માટે કહી રહ્યા છે, કારણ કે હવે સૂચિત જગ્યા માનવ વસવાટોથી દૂર છે અથવા સ્મશાનભૂમિની નજીક છે.આનાથી સરકાર કપરી સ્થિતિમાં આવી ગઈ છે, કારણ કે વૈકલ્પિક જગ્યાઓ શોધવા માટે આશરે રૂ.૮૦૦ કરોડ ખર્ચવા પડશે.હાઉસિંગ ડિપાર્ટમેન્ટના ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે અમારે આ માગણી પૂરી કરવા હોય તો અમારે આ લોકો માટે ખાનગી માલિકો પાસેથી ૨,૦૦૦ એકરથી વધુ જમીન સંપાદિત કરવી પડશે. અગાઉ, અમે જે જમીન આપી હતી તે સરકારી જમીન હતી. વિભાગના અધિકારીઓએ તાજેતરમાં મુખ્ય પ્રધાન વાયએસ જગન મોહન રેડ્ડીને જાણ કરી હતી કે એવા ૯૫,૧૦૬ 'અઘરા કેસો' છે, જ્યાં લાભાર્થીઓ ઘરની જગ્યા લેવાનો અને ઘર બાંધવાનો ઈનકાર કરી રહ્યા છે. ઓછામાં ઓછા ૩૦ ટકા કેસોમાં, નવા હાઉસિંગ લેઆઉટ 'સ્મશાનભૂમિ જેવા અયોગ્ય વિસ્તારોની નજીક છે.

# ૮ થી ૧૪ જાન્યુઆરી દરમિયાન અમદાવાદ અને ગુજરાતભરના શહેરોમાં યોજાશે રાજ્યનો પ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૩

ગાંધીનગર, ૦૩ જાન્યુઆરીઃ કોરોના મહામારીને કારણે ૨ વર્ષના અંતરાલ પછી ફરી એક વખત અમદાવાદ અને ગુજરાતના અન્ય શહેરોમાં ભવ્ય રીતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ શરૂ થવા જઈ રહ્યો છે. ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા આગામી ૮થી ૧૪ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન જી૨૦ ની થીમ સાથે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ આયોજિત કરવામાં આવશે. દેશ-વિદેશના અનેક પતંગબાજો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં હિસ્સો લેવા માટે અમદાવાદ આવશે, જેમાં જી-૨૦ દેશોના પતંગબાજો પણ સામેલ થશે.




અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે તા. ૮ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ સવારે ૮.૦૦ વાગે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા પણ ઉદ્‌ઘાટન સમારોહ દરમિયાન ઉપસ્થિત રહેશે.

ઉત્તરી ગોળાર્ધમાં સૂર્યના ગમનનું સ્વાગત કરવા માટે સૂર્યનમસ્કારનું પ્રદર્શન કરવામાં આવશે, સાથે જ કાર્યક્રમના પહેલા દિવસે ઋષિકુમારો દ્વારા આદિત્ય સ્તુતિ વંદના કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ દરમિયાન તમામ પતંગબાજો જી૨૦નો લોગો પ્રિન્ટ કરેલું ટી-શર્ટ અને ટોપી પહેરીને એક પરેડનું પ્રદર્શન કરશે.

આ વર્ષે, ગુજરાતના આકાશમાં જી-૨૦નો લોગો છાપેલી પતંગો આકાશમાં ઉડતી જોવા મળશે. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં આવનારા લોકો 'વન અર્થ, વન ફેમિલિ, વન ફ્યુચર' (એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય) ની થીમ સાથે જી-૨૦ લોગોવાળા એક વિશેષ જી-૨૦ ફોટોબૂથ પર ફોટો અને સેલ્ફી લઈ શકશે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પતંગનો ભાતીગળ ઈતિહાસ દર્શાવતું થીમ પેવેલિયન ઊભું કરવામાં આવશે, તેમજ પતંગો બનાવવા અને ઉડાડવા માટેની એક વર્કશોપ પણ આયોજિત કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ દરમિયાન મુલાકાતીઓ માટે દરરોજ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ડિસેમ્બર ૨૦૨૨માં ભારતો જી૨૦ની અધ્યક્ષતા સંભાળી. જી૨૦ને એક સહભાગી કાર્યક્રમ બનાવવાના માનનીય પ્રધાનમંત્રીના દ્રષ્ટિકોણને અનુરૂપ ભારતના લોકો માટે જી૨૦નો અર્થ શું છે, તેની સમજણ વધારવા માટે અનેક કાર્યક્રમો આયોજિત કરવામાં આવી રહ્યા છે. ધ ગ્રુપ ઓફ ૨૦ (જી૨૦) આંતરરાષ્ટ્રીય આર્થિક સહયોહ માટેનું મુખ્ય મંચ છે. તે તમામ મુખ્ય આંતરરાષ્ટ્રીય આર્થિક મુદ્દાઓ પર ગ્લોબલ આર્કિટેક્ચર અને શાસનને આકાર આપવા અને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# આચાર્ય લોકેશજી, આચાર્ય નયપદ્મસાગરજી, આચાર્ય પ્રમણ સાગરજીએ આઝાદ મેદાન ખાતેથી સરકારને જૈન તીર્થધામોની પવિત્રતા અને અખંડિતતા માટે અપીલ કરી હતી

## યાત્રાધામોની પવિત્રતા અને સલામતી માટે જૈનાચાર્યો સાથે હજારો ભક્તો આઝાદ મેદાન ખાતે એકઠા થયા હતા.



જૈન તીર્થસ્થાનોની પવિત્રતા અને સલામતી તેમજ અખંડિતતા માટે મુંબઈના આઝાદ મેદાન ખાતે જૈન આચાર્યો સાથે લાખો ભક્તો એકઠા થયા હતા. અહિંસક અને શાંતિપ્રેમી જૈન સમાજના લાખો ભક્તોએ શિખરજી, ગિરનારજી અને શત્રુંજયની પવિત્રતા અને સલામતી માટે આંદોલન ચાલુ રાખવાના શપથ લીધા હતા. આ પહેલા મુંબઈના રસ્તાઓ પર નીકળેલી રેલીમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકો સાથે ભક્તોએ ભાગ લીધો હતો. યુવાનોએ ભીડ માટેની વ્યવસ્થા સંભાળી હતી. જૈન એકતાનો આવો નજારો પ્રથમવાર જોવા મળ્યો હતો. દિગંબર શ્વેતામ્બરો બધા એક સાથે આંદોલન માટે જોડાયા હતા. વિશ્વ વિખ્યાત શાંતિ દૂત આચાર્ય લોકેશજીને દિલ્હીથી ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. આચાર્યશ્રી સંયુક્ત રાષ્ટ્ર સહિત વૈશ્વિક મંચો દ્વારા જૈન ધર્મનો સંદેશો વિશ્વ સુધી પહોંચાડે છે. આઝાદ મેદાન ખાતેથી આચાર્ય લોકેશજીએ જૈન તીર્થધામોની પવિત્રતા અને અખંડિતતા માટે સરકારને જણાવ્યું હતું કે તીર્થધામોની પવિત્રતા અને અખંડિતતાને તોડવાનો કોઈપણ પ્રયાસ સાંખી લેવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે, સરકાર માટે પણ અહિંસક અને શાંતિપ્રિય જૈન સમુદાયની કાયદેસરની માંગણીઓ સ્વીકારવી સારી બાબત છે, જે ટેક્સ અને લોક કલ્યાણના કાર્યોમાં પણ હંમેશા આગળ રહે છે. આચાર્ય લોકેશે સરકારને સમ્મેદશિખરજી, ગિરનારજી અને શત્રુંજયજીને પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કરવા અને તેમની સુરક્ષા માટે યોગ્ય વ્યવસ્થા કરવા ભારપૂર્વક અપીલ કરી હતી. આચાર્ય નયપદ્મસાગરજીએ સરકારને વિનંતી કરી હતી કે, પાલિતાણા, સમેદશિખરજીને પવિત્ર યાત્રાધામ વિસ્તાર જાહેર કરે અને ૧૦ કિલોમીટરના વિસ્તારમાં માંસ-દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકે. આચાર્ય પ્રમણ સાગરજી અને માતાજીએ જણાવ્યું હતું કે સમેદ શિખરજી શાશ્વત તીર્થ છે, જો આ પવિત્ર સ્થળની પવિત્રતા ભંગ થશે તો તેઓ અન્ન-જળનો ત્યાગ કરશે. આ પ્રસંગે મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર રાહુલ નાર્વેકરે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર સરકાર જૈન સમુદાયની લાગણી કેન્દ્ર સરકાર અને સંબંધિત રાજ્ય સરકાર સુધી પહોંચાડશે. આ મુદ્દે આમરણાંત ઉપવાસ પર બેઠેલા સંજય જૈનજી જણાવ્યું હતું કે સરકારની વિનંતી પર અમે ૧૫ દિવસનો સમય આપ્યો છે, જ્યાં સુધી માંગણીઓ નહીં સંતોષાય ત્યાં સુધી અમારું આંદોલન ચાલુ રહેશે. સકલ જૈન સમાજ સંગઠન દ્વારા આયોજિત કાર્યક્રમમાં ભારત જૈન મહામંડળના પ્રમુખ રાકેશ મહેતા, જીટોના પ્રમુખ અભય શ્રીમલ અને જૈન દિગંબર સમાજના પ્રમુખે પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે કવિયત્રી અનામિકા જૈન અંબાર, ગાયક વિકી મહેતાએ કવિતા અને ગીતો રજૂ કર્યા હતા.

# ગાંધીનગર જિલ્લાના સોલૈયા ગામેતા. ૮મી જાન્યુઆરીના રોજ વિશ્વ આંજણા મહાસંમેલન માં રાજયના મુખ્યમંત્રી શ્રીઉપસ્થિતિ રહેશે

ગાંધીનગરઃ ગુરૂવારઃ


વિશ્વ આંજણા- ચૌધરી સમાજનું મહાસંમેલન ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના સોલૈયા ગામે તા. ૦૮મી જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ યોજાશે. વિશ્વ આંજણા મહાસંમેલનના અધ્યક્ષ અને અમેરિકા-કેનેડા ચૌધરી સમાજના પ્રમુખ શ્રી રમણભાઈ આર. ચૌધરીએ જણાવ્યું છે કે, વિશ્વ આંજણા મહાસંમેલનનું ઉદ્દઘાટન તા. ૦૭મી જાન્યુઆરી- ૨૦૨૩ ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે કરાશે.

તા. ૦૮મી જાન્યુઆરીના રોજ વિશ્વ આંજણા મહાસંમેલન અંતર્ગત યોજાનાર સ્નેહમિલન સમારંભમાં મુખ્ય મહેમાન પદે રાજયના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલઉપસ્થિત રહેશે. અધ્યક્ષ સ્થાનેગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીઅને અતિથિ વિશેષ તરીકે બનાસકાંઠાના સાંસદ શ્રી પરબતભાઈ પટેલ અને રાજસ્થાનના જાલોર- શિરોહીના સંસદસભ્ય શ્રી દેવજીભાઈ એમ. પટેલ ઉપસ્થિત રહેશે. ગાદીપતિ, સંતશ્રી રાજારામજી પાવન તીર્થધામ, શિકારપુર, રાજસ્થાનના પૂજ્ય મહંતશ્રી ૧૦૮ શ્રી દયારામજી મહારાજ આ પ્રસંગે ઉપસ્થિત રહીને આર્શીવચન આપશે.

આ મહાસંમેલનમાં તા. ૦૮મી જાન્યુઆરીના રોજ યોજાનાર સ્નેહ મિલન સમારંભમાં સમગ્ર ગુજરાત સહિત રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ, મહારાષ્ટ્ર રાજય તેમજ વિદેશમાં વસતાં આંજણા ચૌધરી સમાજના મહાનુભાવો, અગ્રણીઓ સહિત એક લાખથી વધુ ચૌધરી સમાજના લોકો સહભાગી બનશે.

માણસા તાલુકાના સોલૈયા ગામના વતની અને અમેરિકા- કનેડામાં બાંધકામ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર શ્રી રમણભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે, વિશ્વ આંજણા મહાસંમેલન પ્રથમવાર યોજાઈ રહ્યું છે. ત્યારે સમાજના સામાજિક, શૈક્ષણિક, વૈચારિક અને આર્થિક વિકાસને હરણફાળ આપવા અને સમાજને વધુ સંગઠિત કરી વિશ્વ ફલક પર લઈ જવા માટે ક્રાંતિકારી વિચારોને પ્રસ્થાપિત કરવાનો મારો પ્રયાસ છે. વિશ્વ ફલક ઉપર આંજણા ચૌધરી સમાજનમાં ચેતના જયોત જગાવી સામાજિક તથા વ્યાપારિક સંબંધોના વૈશ્વિક જોડાણ દ્વારા સમાજના જરૂરિયાતમંદ પરિવારોને શિક્ષણ, આરોગ્ય, રોજગાર, સ્પોર્ટસ તથા કલ્ચરલ ક્ષેત્રે સન્માનપૂર્વક મદદરૂપ થઈ સમાજ ભાવનાને વધુ મજબૂત અને સંગઠિત બનાવવાનું લક્ષ છે. વિશ્વ આંજણા મહાસંમેલનના આ ભગીરથ કાર્યમાં સોલૈયા ગામ સહિત અન્ય ગામ અને વિસ્તારના લોકો આ કાર્યકમને સફળ બનાવવા ઘણા સમયથી દિવસ- રાત પરિશ્રમ કરી યોગદાન આપી રહ્યા છે.

# પશુ-પક્ષીનું ખોરાક પત્રક



પશુ-પક્ષીઓની તંદુરસ્તી જાળવવા માટે ખોરાક એક મહત્વની બાબત છે. જીવદયા સંસ્થાઓમાં ગાયભેંસ જેવા પાલતુ પ્રાણી વિશેષ હોય છે. પરંતુ કુદરતમાં વિહરતા પશુ-પક્ષી પણ કયારેક સંસ્થાઓનો આશ્રય મેળવતા હોય છે. જુદા જુદા પશુ-પક્ષીને ખોરાક આપવા માટે ઉપયોગી થાય તે અર્થે ખોરાક પત્રક આ સાથે રજૂ કરેલ છે.

જુદા જુદા પશુ—પક્ષીનું ખોરાક પત્રક

(૧) પોપટ– ચોળા, તુવેરશીંગ, પપૈયા, કેરી, કાકડી, શેરડી, રાયણ, જામફળ, મરચા, ગાજર-૫૦ ગ્રામ, મગફળી–૫૦ ગ્રામ, જુદા જુદા બીજ–૧૦૦ ગ્રામ, સુર્યમુખીના બીજ–૨૫ ગ્રામ

(૨) કબૂતર– ઘઉં–૨૫ ગ્રામ, જુવાર–૨૫ ગ્રામ, ચોખા–૨૫ ગ્રામ

(૩) મોર–બાજરો–૨૫ ગ્રામ, ઘઉં-૨૫ ગ્રામ, જુવાર-૨૫ ગ્રામ, રોટલ-૫૦ ગ્રામ, લીલા શાકભાજી-૭૫ ગ્રામ, મગફળીના દાણા–૨૦ ગ્રામ.

(૪) કોયલ—મિશ્ર ધાન્ય-૫૦ ગ્રામ, મિશ્ર કઠોળ–૨૫ ગ્રામ, પપૈયુ—૫૦ ગ્રામ.

(૫) બજરીગર/લવબર્ડ–કાંગ–૧૦ થી ૧૫ ગ્રામ, કોથમીર/પાલક–૧૦થી ૧૫ ગ્રામ.

(૬) કોકટીલ– લીલા શાકભાજી–૨૫ ગ્રામ, બ્લેકશીડ મીક્સ–૨૦ થી ૨૫ ગ્રામ.

(૭) લવ બર્ડ્ઝ–કાંગ, બ્લેકશીડ, બાજરી, કોથમીર–૧૫ થી ૨૦ ગ્રામ

(૮) મેના/બુલબુલ-પપૈયુ, કેળા તથા અન્ય ફળ–૨૦ થી ૫૦ ગ્રામ.

(૯) મુનીયા/ફિન્ચ-કાંગ, બ્લેકશીડ, કોથમીર-૫ થી ૧૦ ગ્રામ.

(૧૦) તેતર- જુવાર, બાજરી–૨૫ ગ્રામ.

(૧૧) કુંજ–મગફળી–૫૦ ગ્રામ.

(૧૨) વાંદરા–પલાળેલ ચણા-૧૫૦ થી ૨૦૦ ગ્રામ, ફળ–શાકભાજી–૧૦૦ થી ૨૦૦ ગ્રામ, કેળા–૨, શીંગદાણા ૫૦ ગ્રામ.

(૧૩) નીલગાય—લીલાચારો-૧૫ કિ.ગ્રામ, સૂકોચારો—૨ થી ૪ કિ.ગ્રામ.

(૧૪) કાચબા- પથરાયા–ચણા–૧૫ થી ૨૦ ગ્રામ, લીલા શાકભાજી-૧૫ થી ૨૦ ગ્રામ, રજકો–૨૦ થી ૨૫ ગ્રામ.

(૧૫) બકરા—લીલોચારો–૨ થી ૩ કિ.ગ્રામ, સૂકોચારો—૧ થી ૨ કિ.ગ્રામ.

(૧૬) લવારા—લીલોચારો-૧ થી ૨ કિ.ગ્રામ, સૂકોચારો- ૧ થી ૨ કિ.ગ્રામ.

(૧૭) ઘેટા– લીલોચારો-૨ થી ૩ કિ.ગ્રામ, સૂકોચારો ૧ થી ૨ કિ.ગ્રામ.

(૧૮) ગાડરડા—લીલોચારો—૧ કિ.ગ્રામ, સૂકોચારો-૧ કિ.ગ્રામ.

(૧૯) અશ્વ—લીલોચારો-૧૫ થી ૨૦ કિ.ગ્રામ, સુકોચારો-૬ થી ૮ કિ. ગ્રામ, જરૂર મુજબ જોગાણ આપવું.

(૨૦) ગદર્ભ- લીલોચારો-૮ થી ૧૦ કિ.ગ્રામ, સૂકોચારો ૪ થી ૬ કિ.ગ્રામ.

(૨૧) ઉટ–લીલોચારો—૩૦ કિ.ગ્રામ. સૂકોચારો-૧૦ થી ૧૫ કિ.ગ્રામ, ગોવાત્ર અને મગફળીનો પાલો પસંદગીનો ખોરાક છે.

(૨૨) સસલા–ચણા–૫૦ ગ્રામ, રજકો–૪૦૦ ગ્રામ.

(૨૩) ખીસકોલી–મીશ્ર ધાન્ય ફળ, મગફળી, ફળો વગેરે આપી શકાય.

(૨૪) ચિતલ, કાળીયાર, હોગડિઅર, ચિંકાર, ચૌશિંગા—લીલોચારો—૫ કિ.ગ્રામ, સૂકોચારો—૨ કિ.ગ્રામ

સંકલન :– મિતલ ખેતાણી .રાજકોટ

# હવે અધુરૂ ભણતર છોડી ચૂકેલા વિધાર્થીઓ તેઓ જેટલું ભણ્યા છે તેની ક્રેડિટ ટ્રાન્સફર કરી કારકિર્દી બનાવી શકશે

કોમ્પ્યુટર ટેકનોલોજી ફાઉન્ડેશન દ્વારા ×ડિસ્ટન્સ એજ્યુકેશન અને નવી એજ્યુકેશન પોલિસી× વિષય અન્વયે સમગ્ર ગુજરાતના અગ્રણી શિક્ષણવિદો સાથે દિલ્હીથી પધારેલ મુખ્ય અતિથિ શ્રી પવનકુમાર સિંઘલ તથા શ્રી હેમાંગ રાવલની અધ્યક્ષતામાં વર્કશોપ યોજવામાં આવ્યો.



આ બેઠકને સંબોધન કરતા શ્રી પવનકુમાર સિંઘલે જણાવ્યું હતું કે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા NACC "A" ગ્રેડ ધરાવતી સ્વામી વિવેકાનંદ સુભારતી યુનિવર્સિટી (SVSU) સહિત જૂજ યુનિવર્સિટી દ્વારા ડિસ્ટન્સ એજ્યુકેશન દ્વારા દેશના વિધાર્થીઓ સર્ટિફિકેટ, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ અને માસ્ટર ડિગ્રીના કોર્સ કરી રહ્યા છે.

સુભારતી યુનિવર્સિટીમાં BA, BA Journalism & Mass Communication, B.com, BBA, MBA, M.com, MA, MA Buddhist Studies/ Education/Public Administration/Home Science/Journalism & Mass Communication, MA Journalism & Mass Communication અને અન્ય કારકીર્દિલક્ષી અન્ય કોર્સ થાય છે. સમગ્ર ભારતના વિધાર્થીઓ કોર્સમાં એડમિશન લઈ ઓનલાઈન સ્ટડી મટીરીયલ અને ઓનલાઈન પરીક્ષા દ્વારા પોતાનું ભવિષ્ય સુનિશ્ચિત કરી શકે છે.

આ UGC માન્ય અભ્યાસક્રમમાં ઉંમરનો કોઈ બાધ નથી અને ભારત દેશના કોઈપણ નાગરિક ઘેર બેઠા/નોકરીની સાથે બેચલર અથવા માસ્ટર ડીગ્રી મેળવી શકે છે.

કોમ્પ્યુટર ટેકનોલોજી ફાઉન્ડેશનના ચેરમેન હેમાંગ રાવલે જણાવ્યું કે, ×જે વિધાર્થીઓએ પોતાનું પહેલું વર્ષ કોઈ પણ યુનિવર્સિટીમાં કરેલું હોય અને ત્યાર બાદ ભણતર છૂટી ગયું હોય, બીજા વર્ષમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓએ સુભારતી યુનિવર્સિટીમાં સીધાં જ બીજા વર્ષથી એડમિશન લઈ ક્રેડિટ ટ્રાન્સફર દ્વારા પોતાનું ગ્રેજ્યુએશન કમ્પ્લેટ કરી શકશે.×


સમગ્ર ગુજરાતમાં સેવા આપતા કોમ્પ્યુટર ટેકનોલોજી ફાઉન્ડેશન અને તેની પાર્ટનર ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ગુજરાતના દરેક વિધાર્થીઓ માટે કાઉન્સિલિંગ કરી ડિસ્ટન્સ એડમિશન અને ઓનલાઈન એક્ઝામમાં ૧૦૦% સફળતા માટે મફત માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે તથા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિધાર્થીઓ માટે સ્કોલરશીપ ડ્રાઈવનું આયોજન કરવા માટે વર્કશોપમાં ગુજરાતના વિધાર્થીઓના હિતમાં સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો.

# ગુજરાત એકમ ના પ્રદેશ પ્રમુખ રાજુભાઈ ટાંક દ્વારા મહામંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી



ગાંધીનગર જિલ્લાના માણસા ગામના વતની નિવૃત્ત વિધાનસભા ભવનના અધિકારી અને સેવાભાવી સેવાનું રાગી તરીકે ઓળખ પ્રાપ્ત કરી ચૂકેલા બહિર્મુખ સેવા ધર્મ માં જોડાયેલ શ્રી દિનેશભાઈ વ્યાસ ની અખિલ ભારત ગુજરાતી સમાજ દ્વારા ગુજરાત એકમ ના પ્રદેશ પ્રમુખ રાજુભાઈ ટાંક દ્વારા મહામંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી છે.કોઈપણ જવાબદારી સ્વીકાર્યા બાદ દિનેશભાઈ ઉણા ઉતર્યા ch tem ચોક્કસ કહી શકાય પછી તે રાજકીય હોય કે સામાજિક કે ફરજ ના ભાગ રૂપે હોય...હવે ગુજરાતી સમાજ ક્ષેત્રે મળેલ જવાબદારી માં તેઓ સૌ સાથે સંકલન કરીને આગળ વધશે તેમજ સમાજ ના પ્રશ્નોના નિરાકરણ લાવવામાં ગુજરાત એકમ ને મોખરાનું સ્થાન અપાવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી સર્વ સમાજ ના લોકો માં પણ તેઓ લોકપ્રિયતા મેળવી ચૂક્યા છે. માણસા શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આનંદી માનો વડલો..વાં પ્રસ્થાશ્રમ ના તેઓ માનદ મેનેજિંગ ટ્રસ્ટી તરીકે ૨૦૦૬ થી સેવાઓ આપી રહ્યા છે .ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લાના એકમ ના તેઓ માણસા ખાતેના પ્રમુખ તરીકે હાલ કાર્યરત છે...સૌ સેવા ક્ષેત્ર સાથે જોડાયેલ ગાંધીનગર જિલ્લા માથી અભિનંદન ની વર્ષા વરસી રહી છે ..

# માણાવદરમાં સિધ્ધનાથ મહિલા મંડળ દ્વારા કુટીર મેળો યોજાયો



સમય અને સંજોગ બદલાતા અબળા ગણાતી નારી આજે સબળા બની છે પુરુષ સમોવડી બનીને તે પુરુષના વ્યવસાયલક્ષી પગલે ચાલી રહી છે એક સમયે સ્ત્રી ઘરની બહાર પણ નીકળતા શરમ અનુભવતી હતી ત્યાં આજે તે અવનવા ક્ષેત્રોમાં જોડાઈ પુરુષોને પણ ટક્કર આપી છે.તેનો દાખલો માણાવદરના સથવારા સમાજની મહિલાઓએ નિર્મિત કરેલું સિધ્ધનાથ મહિલા મંડળ છે આ મહિલાઓએ લઘુઉદ્યોગ સ્થાપી આવી કાળજાળ મોંઘવારીમાં લોકો સસ્તા ભાવની વસ્તુઓ ખરીદી શકે તે માટે તેમણે માણાવદરમાં કુટીર મેળાનું આયોજન ત્રણ દિવસ કર્યું છે. આ મેળામાં તેમને બનાવેલી હોમમેડ જેવી કે પાપડ, ચીકી, ચેવડો, વાટ, ચોકલેટ કુર્તીપુરીનું રાહત ભાવે વેચાણ કરેલ છે તેમજ હેન્ડલુમ ઘરઘંટી, અગરબત્તી, ફાસ્ટફૂડ, તથા અન્ય વસ્તુઓ એકદમ પરવડે તેવા ભાવમાં વેચી સ્ત્રીઓને આવા મેળા યોજવાની શીખ આપી હતી મોંઘાઈને સ્ત્રી જેટલું સમજતી હોય તેટલું પુરુષ ના સમજે એવા હેતુ સબ આ કુટીર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું

# નલિયાએ સૌથી વધુ ઠંડુગાર રહેવાનો રેકોર્ડ તોડ્યો, ૨ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે થીજી ગયું

અમદાવાદ,તા,૫

રાજ્યમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ગુજરાતીઓએ ક્યારેય અનુભવી ન હોય તેવી ઠંડી હાલ અનુભવાઈ રહી છે. પરંતું આ વચ્ચે સૌથી ઠંડુગાર રહેતા નલિયાનો પારો સાતમા આસમાને પહોંચી ગયો છે. શિયાળામાં સૌથી વધુ ઠંડુગાર રહેવાનો રેકોર્ડ બનાવતા નલિયામાં આ વર્ષે કાશ્મીર જેવુ થીજી ગયું છે. ૨ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે નલિયા થીજી ગયું છે. હવામાન ખાતાના આંકડા અનુસાર, કચ્છના નલિયામાં ૨ ડિગ્રીનો પારો નોંધાયો છે. જેથી ત્યાં ઠંડી કેવી હશે તે સાંભળીને જ રુંવાડા ઉભા થઈ જાય.

હવામાન ખાતાના લેટેસ્ટ આંકડા અનુસાર, ગુજરાતના વિવિધ શહેરોમાં ઠંડીનો પારો ઉંચકાયો છે. ડીસા ૬.૯, ભુજ ૯ ડિગ્રી, અમદાવાદ ૧૦ ડિગ્રી, રાજકોટ ૧૦, અમરેલી-વડોદરા ૧૧.૬ ડિગ્રી ઠંડી નોંધાઈ છે. રાજ્યમાં ઠંડીનો ચમકારો વધતા મોટાભાગના જિલ્લાઓમાં ઠંડીનો પારો ગગડ્યો છે. રાજ્યમાં ઠંડીનો ચમકારો વધતા મોટાભાગના જિલ્લાઓમાં ઠંડીનો પારો ગગડ્યો છે. માત્ર નલિયા જ નહિ, કચ્છમાં ભુજનો પારો પર સિંગલ ડિજિટમાં ૯ ડિગ્રી ઉપર પહોંચ્યો છે. ભારે ઠંડીના કારણે જિલ્લામાં જનજીવન પ્રભાવિત બન્યું છે. રાજ્યમાં હાલ ઠંડીનુ જોર યથાવત રહ્યું છે. ૮ શહેરોમાં લુઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીથી ઓછું નોંધાયું છે. ૮.૧ ડિગ્રી તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુગાર રહ્યું છે. જ્યારે ગાંધીનગર ૧૦.૫, ડિસા ૧૦.૬, ભૂજ ૧૧.૨ અને વડોદરા ૧૧.૬ ડિગ્રી, અમદાવાદ ૧૨.૧ ડિગ્રી, રાજકોટ ૧૨.૫ ડિગ્રી અને અમરેલી ૧૩ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

પરંતુ આગામી સમયમાં હવામાન વિભાગે એક ખુશખબર આપ્યા છે. આગામી થોડાક જ દિવસોમાં હાડ ગાળતી ઠંડીથી રાજ્યના લોકોને રાહત મળશે. ૨૪ કલાક બાદ રાજ્યમાં ઠંડીમાં નોંધનીય ઘટાડો થશે. મહત્તમ તાપમાનમાં પણ ૨ ડિગ્રી જેટલો ઘટાડો થશે. ૨ દિવસ બાદ પવનની ગતિમાં પણ ઘટાડો થશે. લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રી વધારો થવાની સંભાવના, જેથી ઠંડી ઓછી થશે. હિમાલય તરફ પવનની ગતિ બદલાતા પુનઃ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર વર્તાશે. વાતાવરણમાં ભેજ વધતા લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થશે.અમદાવાદ સહિત રાજ્યભરમાં કડકડતી ઠંડી અનુભવાઈ રહી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.